RNI Reg. GUJGUJ/2010/44893

મુખ્ય સમાચાર

યોથી જાગીરનો પડકાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 218, Dt.02-12-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

ગુજરાતમા દસ લાખ વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત

રાજ્યમાં વિકાસ માત્ર કાગળ પર : ૮૧% વિદ્યાર્થીઓને માતૃભાષા લખતા વાંચતા આવડતી નથી: ૨૫૭૪ શાળાઓ ખંડેર હાલતમાં

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

નવી શિક્ષણ નીતિનો અમલ શરૂ થઈ ગયો છે પરંતુ ગુજરાતમાં કઈ સદીની શિક્ષણ પ્રથા ચાલી રહી છે તે સમજી શકાતું નથી. સરકારી પ્રાથમિક શિક્ષણનો વહીવટી સદંતર ખાડે ગયો છે છતાં વાત દિલ્હીની સ્કૂલોની વધારે કરવામાં આવે છે. એવા સત્તાવાર આંકડા સામે આવ્યા છે કે શિક્ષણ મંત્રીના સઘળા દાવા પોકળ સાબિત થઈ શકે છે. રાજ્યમાં ૨૫૭૪ સરકારી સ્કૂલો ખંડેર હાલતમાં છે. ૭૫૯૯ સ્કૂલોની મકાન કાચી દીવાલો અને છતથી ઢંકાયેલા છે.

આજે પણ ૧૪૬૦૦ સ્કૂલો એક વર્ગખંડથી ચાલે છે. શાળા પ્રવેશોત્સવના તાયફા થાય છે અને ૧૦૦ ટકા નામાંકનના દાવા કરવામાં આવે છે પરંતુ ૧૦ લાખ વિદ્યાર્થીઓ સ્કૂલે ગયા જ નથી. ૧૬૦૬ સ્કૂલમાં એક જ શિક્ષક છે. સ્થિતિ એ છે કે ધોરણ-૩ થી ધોરણ-૮ સુધીના ૮૧ ટકા વિદ્યાર્થીઓને ગુજરાતી વાંચતા-લખતાં આવડતું જ નથી. ૫૬૧૬ સ્કૂલ બંધ કરી દેવાઈ છે. ૮૬ સ્કૂલોમાં માત્ર પાંચથી દસ વિદ્યાર્થી છે. રાજ્યમાં ૨૦ હજાર વર્ગ ખંડોની અછત છે. ખેલ મહાકુંભની મોટા ઉપાડે વાતો થાય છે પરંતુ ૪૦૦૦ સ્કૂલો પાસે મેદાન જ નથી.

ગુજરાતી માતૃભાષાનું ગૌરવ અને અસ્મિતાની મોટી મોટી વાતો કરતી સરકાર ખુદ તેના બનાવેલા નિયમનું પાલન કરાવી શકતી નથી. મુંબઈ કે મહારાષ્ટ્રમાં જઈએ તો પ્રથમ ભાષા મરાઠીમાં બોર્ડ જોવા મળે છે. પંજાબમાં પંજાબી અને દક્ષિણ જે તે રાજ્યની ભાષામાં બોર્ડ અચૂક હોય છે, પરંતુ ગુજરાતમાં ગુજરાતી ભાષાની જ અવગણના કરવામાં આવે છે.

૨૦૨૨માં રાજ્યના સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગે સરકારી કચેરીઓ, ખાનગી કે કેન્દ્રીય સંસ્થાઓ, શોપિંગ સેન્ટર, મોલ્સ, જાહેર સ્થળો, દુકાનો, મલ્ટીપ્લેક્સ અને મનોરંજનના સ્થળો એમ બધી જગ્યાએ લગાવેલા બોર્ડમાં નામ, સરનામું, સૂચના, માહિતી, દિશાનિર્દેશમાં અંગ્રેજી અને હિન્દીની સાથે ગુજરાતી ભાષાનો ફરજિયાત ઉપયોગ કરવાનો આદેશ બહાર પાડ્યો હતો.

એટલું જ નહીં નવેમ્બર ૨૦૧૮માં કરવામાં આવેલા આવા જ પ્રકારનાં એક સર્વેમાં એ વિગત બહાર આવી હતી કે ધોરણ ૩થી ૮માં સરકારી શાળામાં અભ્યાસ કરતાં બાળકોમાંથી ૯૩.૭૩ ટકા વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં અતિ નબળા છે. તેમાં ૨૦૧૯માં માત્ર નહિવત સુધારો નોંધાયો છે. જે મુજબ ૮૧.૩૫ ટકા વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં ૫૦ ટકા કરતાં પણ ઓછા માર્ક્સ લાવી શક્યા છે. ગુજરાત સરકાર છેલ્લાં થોડાં વર્ષોથી શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવ જેવા કાર્યક્રમો યોજીને જોશ પૂર્વક કેળવણીને ઉત્તેજન આપી રહી છે. પરંતુ માતૃભાષામાં બાળકોની રહેલી નબળાઈનાં જે આંકડાઓ સામે આવ્યાં છે તે સરકારનાં નમિશન વિદ્યાથ પ્રોગ્રામની ફજેતી સમાન છે. કે પછી શું માતૃભાષાનું શિક્ષણ આપતાં અધ્યાપકો જ રસ જગાવવામાં નિષ્ફળ રહે છે? કે પછી ઈરાદાપૂર્વક ગુજરાતી ભાષાને હાંસિયામાં ધકેલી દેવાના કારસાનું આ પરિણામ છે? કારણ ગમે તે હોય પરંતુ આ બાબતે ચિંતા જ નહીં, શરમ પણ લગાડી છે. કેમ કે એક અંગ્રેજ અને ભાષાકર્મી એવા ફાધર વાલેસે કહ્યું છે કે ગુજરાતી ભાષા જેવી સરળતા તમે ક્યાંક બીજે શોધી શકો તો તમે કશી શોધ કરી છે તેવું માનવું પડશે.

ખેડૂતોનો સંસદ ઘેરાવ કાર્યક્રમ : દિલ્હીમાં ઠેરઠેર ચક્કાજામ

સંયુકત કિસાન મોરચાના નેતૃત્વમાં હજારો ખેડૂતોની કુચ : ચાર ગણુ વળતર, ભૂમિ અધિગ્રહણ કાનુનના લાભ અને ૧૦ ટકા વિકસિત ભૂમિનો પ્લોટ મળે

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

યુનાઈટેડ કિસાન મોરચાના નેજા હેઠળ આજે હજારો ખેડૂતો દિલ્હી તરફ કૂચ કરશે. એક દિવસ પહેલા ખેડૂતો અને વહીવટીતંત્ર વચ્ચે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. ખેડૂતો લાંબા સમયથી નોઈડાના ત્રણેય ઓથોરિટીને ઘેરાવ કરતા રહ્યા છે. રવિવારે જ્યારે માંગણીઓ પર કોઈ સહમતિ ન બની ત્યારે તેમણે નદિલ્લી ચલોથના નારા લગાવ્યા હતા. ખેડૂતો હવે સંસદનો ઘેરાવ કરવા માંગે છે. આંદોલનકારી ખેડૂત સંગઠનો જમીન સંપાદનથી પ્રભાવિત ખેડૂતોને ૧૦ ટકા વિકસિત પ્લોટ અને નવા જમીન સંપાદન કાયદાનો લાભ આપવાની માંગ કરી રહ્યા છે.

હજારો ખેડૂતો આજે તેમની માંગણીઓને લઈને દિલ્હી તરફ કૂચ કરી રહ્યા છે. જેના કારણે નોઈડાથી દિલ્હી સુધીના રસ્તાઓ પર લાંબો ટ્રાફિક જામ જોવા મળી રહ્યો છે. ગત ૨૭મી નવેમ્બરથી ખેડૂતોએ ગ્રેટર નોઈડા ઓથોરિટી ખાતે વિરોધ અને પ્રદર્શન કર્યા અને ત્યાર બાદ ૨૮મી નવેમ્બરથી ૧લી ડિસેમ્બર સુધી યમુના ઓથોરિટી ખાતે, હવે આંદોલનના ત્રીજા અને અંતિમ તબક્કામાં એટલે કે આજે ૨જી ડિસેમ્બરના રોજ તેઓ દિલ્હી તરફ કૂચ કરવા જઈ રહ્યા છે. આ માટે વિરોધ કરી રહેલા ખેડૂતો બપોરે ૧૨ વાગ્યાથી સૌથી પહેલા મહામાયા ફ્લાયઓવર પાસે એકઠા થવાનું શરૂ કરશે અને ટ્રેક્ટરમાં દિલ્હી તરફ કૂચ કરશે. ખેડૂતોને રોકવા માટે પોલીસે દિલ્હીની સરહદો પર અવરોધો ઉભા કર્યા છે. દિલ્હી પોલીસ અને ગૌતમ બુદ્ધ નગર પોલીસ તપાસ કરી રહી છે. ખેડૂતોને દિલ્હીમાં પ્રવેશતા રોકવામાં આવી રહ્યા છે. આ દરમિયાન અનેક માર્ગો ડાયવર્ટ કરવામાં આવ્યા છે.

ગૌતમ બુદ્ધ નગર, બુલંદશહેર, અલીગઢ, આગ્રા સહિત યુપીના ઘણા જિલ્લાના ખેડૂતો દિલ્હી માર્ચમાં જોડાઈ રહ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે તેમાં ૪૦ થી ૪૫ હજાર ખેડૂતો ભાગ લઈ શકે છે. આ દિલ્હી કૂચ ૧૪ ખેડૂત સંગઠનો દ્વારા બોલાવવામાં આવી છે, ખેડૂતોની દિલ્હી કૂચને ધ્યાનમાં રાખીને પોલીસ કમિશનર કાયદો અને વ્યવસ્થા શિવહરી મીણાએ સુરક્ષા વ્યવસ્થા જાળવવા માટે તૈનાત પોલીસ કર્મચારીઓને સૂચના આપી છે. તેમનું કહેવું છે કે સુરક્ષા વ્યવસ્થાને લઈને તૈયારીઓ કરવામાં આવી છે. અનેક પોલીસ સ્ટેશનના પોલીસ અને પીએસી તૈનાત રહેશે. ચિલ્લા, ડીએનડી બોર્ડર અને મહામાયા ફ્લાયઓવર પાસે પણ મોટી સંખ્યામાં પોલીસ દળો તૈનાત કરવામાં આવશે. નોઈડા-ગ્રેટર નોઈડા એક્સપ્રેસ વે પર પણ ઘણા ચેક પોઈન્ટ બનાવવાના છે. જો કે ખેડૂતોની મોર્ચાને કારણે અનેક જગ્યાએ ટ્રાફિક જામ થવાની સંભાવના છે.

૧૮ લાખ લાભાર્થીઓ ૩૧ ડિસે. પછી ફ્રી ગેસ બોટલનો લાભ ગુમાવશે

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

કેન્દ્રની ઉજવલા યોજના હેઠળ નોંધાયેલા ૪૩ લાખ લાભાર્થીઓમાંથી હજી સુધી લાભ નહીં લેતા ૧૮ લાખ લાભાર્થીઓએ ૩૧ ડિસેમ્બર પછી ફ્રી ગેસ બોટલનો લાભ ગુમાવવો પડશે. ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીમાં લાભ પહોંચાડવા પૂરવઠા વિભાગને શિરે જવાબદારી નંખાઈ છે. યોજના હેઠળ વર્ષમાં બે બોટલ ફ્રી હોવા છતાં એપ્રિલથી જૂનમાં પ્રથમ ફ્રી ગેસ બોટલનો ૧૩ લાખ લાભાર્થીઓએ લાભ લીધો નથી. યોજના હેઠળ લાભાર્થીએ ડિલિવરી વખતે ગેસ બોટલની રકમ ચૂકવી દેવાની રહે છે. સરકાર તરફથી ફ્રી બે ગેસ બોટલની પૂરેપૂરી રકમ સબસિડીરુપે લાભાર્થીના બેંક એકાઉન્ટમાં જમા કરાય છે. પૂરવઠા વિભાગના ઉચ્ચઅધિકારીઓએ કહ્યું

કે, રાજ્યના પૂરવઠા વિભાગના પેટ્રોલિયમ દ્વારા ઉજવલા યોજના કાર્યરત છે. યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ૪૩ લાખ લાભાર્થીઓને વર્ષમાં બે વાર એપ્રિલથી જૂન અને ઓકટોબરથી ડિસેમ્બર દરમિયાન બે ફ્રી ગેસ બોટલનો લાભ મળે છે. એપ્રિલથી જૂનમાં ૧૩ લાખે ફ્રી એક ગેસ બોટલનો લાભ ગુમાવ્યો છે. હવે મળી શકવાનો પણ નથી. પરંતુ આગામી ૩૧મી ડિસેમ્બર સુધીમાં બીજા ફ્રી ગેસ બોટલનો લાભ મળે તે માટે પૂરવઠા વિભાગને જવાબદારી સોંપાઈ છે. પૂરવઠા વિભાગના આદેશથી જિલ્લા પૂરવઠા અધિકારીઓએ ગેસ એજન્સીઓ સાથે મિટીંગ કરી હતી અને તેમાં તમામ લાભાર્થીઓને લાભ મળી શકે તે માટે ફોન દ્વારા જાણ કરવા એજન્સીઓને તાકીદ કરી હતી.

દૂરસંચાર કંપનીઓએ બોગસ મેસેજ ૧૧ ડિસેમ્બર પહેલા રોકવા પડશે

- દૂરસંચાર નિયામક ટ્રાઈએ નવા નિયમો લાગુ કરવા માટે વધુ એક તક આપી

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

ભારતીય દૂરસંચાર નિયામક ઓથોરિટી (ટ્રાઈ)એ ઓટીપી આધારિત એસએમએસ વેરિફીકેશનને લાગુ કરવાની સમયસીમાને ફરી એકવાર વધારી દીધી છે. ટ્રાઈએ ફરી દૂરસંચાર કંપનીઓ અને અન્ય પક્ષોને અંતિમ તક આપીને નિયમો લાગુ કરવા માટે ૧૦ ડિસેમ્બર સુધીનો સમય આપ્યો છે.

ઓથોરિટીએ સ્પષ્ટ કર્યું છે કે

બોગસ એસએમએસ અને કોલને કોઈપણ સંજોગોમાં રોકવા પડશે. ખરેખર તો ટ્રાઈએ આ વર્ષે ઓગષ્ટમાં નમેસેજ ટ્રેસીબિલિટીથ નિયમ લાવવાનું એલાન કર્યું હતું. આ નિયમ ખાસ કરીને બોગસ અને વણ નોંધાયેલ એસએમએસને રોકવા માટે બનાવાયો હતો.

પરંતુ દૂરસંચાર કંપનીઓ અને સંસ્થાઓની તૈયારીમાં કમીના લીધે તેને એકવાર ટાળવામાં આવ્યું છે. હવે તેને લાગુ કરવાની સમયસીમા ૧૧ ડિસેમ્બર કરવામાં આવી છે.

ટ્રાઈએ ટેલિમાર્કેટર્સ અને અન્ય સંબંધીત સંસ્થાઓને નિર્દેશ આપ્યા છે કે તે ઝડપથી પોતાની સીસ્ટમ અપડેટ કરે. ટ્રાઈએ દૂરસંચાર સેવા આપનાર કંપનીઓને નિર્દેશ આપવામાં આવ્યો છે કે તેઓએ બધી સંસ્થાઓ અને કંપનીઓને રજીસ્ટર કરે, જે ઓટીપી અને અન્ય જરૂરી જાણકારી ગ્રાહકોને એસએમએસથી ઉપલબ્ધ કરાવે છે.

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ સાથે જોડાણ નહીં કરવાની આપની જાહેરાત

હરિયાણા પછી વધુ એક રાજયમાં ગઠબંધનમાં ભંગાણ : કોંગ્રેસનો વળતો લડાયક મિજાજ – અમે જ જોડાણ ઈચ્છતા ન હતા

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

લોકસભા ચૂંટણી પુર્વે ભાજપ સામે લડવા માટે રચાયેલા મહામોરચામાં હવે એક પછી એક ભંગાણ શરૂ થયા હોય તેમ હવે કોંગ્રેસ-આમઆદમી પાર્ટીનું ગઠબંધન ધરાશાયી થયુ છે. આવતા વર્ષે યોજાનારી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ સાથે જોડાણ નહીં કરવાની અરવિંદ કેજરીવાલે જાહેરાત કરી છે.

આમ આદમી પાર્ટીના નેતા અને પુર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જાહેર કર્યુ હતું કે વિધાનસભાની આગામી ચૂંટણી કોંગ્રેસ એકલા હાથે લડશે. બન્ને પક્ષો લોકસભા ચૂંટણી એક સાથે લડયા હતા. દિલ્હીની સાતમાંથી ચાર પર આમ આદમી પાર્ટી તથા ત્રણમાં કોંગ્રેસે ઝુકાવ્યુ હતું. જો કે, સાતેય બેઠકમાંથી એકપણ બેઠક પર ગઠબંધનને જીત મળી ન હતી. છતાં અગાઉના વર્ષો કરતા પરાજયમાં માજીર્ન નીચુ રાખ્યુ હતું.

અરવિંદ કેજરીવાલની જોડાણ તોડવાની જાહેરાત બાદ કોંગ્રેસે પણ પલટવાર કર્યો હતો. કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ દેવેન્દ્ર યાદવે કહ્યું કે કોંગ્રેસ જ જોડાણ જાળવવા તૈયાર ન હતી. કારણ કે લોકસભા ચૂંટણીમાં નઆપથ સાથેના જોડાણને કારણે કોંગ્રેસે નુકશાન ઉઠાવવુ પડયુ હતું.

દિલ્હી વિધાનસભામાં ૨૦૧૫ તથા ૨૦૨૦ની ચૂંટણીમાં કોંગ્રેસ ખાતુ પણ ખોલાવી શકી ન હતી. ૨૦૧૫માં ૭૦માંથી ૬૭ બેઠક પર નઆપથનો વિજય થયો હતો. જયારે ૨૦૨૦માં ૬૨ બેઠકોમાં જીત મેળવી હતી. જો કે, લોકસભા ચુંટણીમાં નઆપથ કરતા કોંગ્રેસનો દેખાવ સારો હતો.

લોકસભા બાદ તાજેતરમાં હરિયાણા વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી. આપ દ્વારા ૯૦માંથી ૧૦ બેઠક માંગવામાં આવી હતી. કોંગ્રેસ માત્ર ૭ બેઠક આપવા તૈયાર થઈ હતી.

પરિણામે સમાધાનનો તખ્તો ભાંગી ગયો હતો અને વિધાનસભા

ચૂંટણીમાં જોડાણ શક્ય બન્યુ ન હતું. જો કે, કોંગ્રેસના રાહુલ ગાંધી સહિતના સીનીયર નેતાઓ જોડાણની તરફેણમાં હતા. દિલ્હીમાં આપ સરકાર પર કોંગ્રેસ વખતો વખત પ્રહાર કરી જ રહી છે.અરવિંદ કેજરીવાલે રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રાના ધોરણે દિલ્હી ન્યાયયાત્રા પણ યોજી છે જે ૪થી ડીસેમ્બર સમાપ્ત થાય છે. આ દરમ્યાન તેમના પર પ્રવાહી ફેંકીને હુમલાનો પ્રયાસ પણ થયો હતો.

કેજરીવાલે કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા એવો આક્ષેપ કર્યો હતો કે પાટનગરમાં કાયદો-વ્યવસ્થા ભાંગી પડી છે. ખુલ્લેઆમ ગોળીબાર થાય છે. ગેંગસ્ટરોએ દિલ્હી પર કબ્જો લઈ લીધાનો ઘાટ છે.

અમદાવાદમાં નશાખોર કારચાલકો બેફામ, નરોડા પાસે કાર અડફેટે બે યુવાનોનાં મોત

મુખ્ય સમાચાર,અમદાવાદ

અમદાવાદમાં વધુ એક નશાખોર કાર ચાલકે અકસ્માત સર્જી દિલો છે જેમાં બે યુવાનોના મોત થયા છે. અમદાવાદમાં નશાખોર કાર ચાલકો બેફામ બની રહયા છે. અમદાવાદ નજીક દહેગામ-નરોડા હાઈવે ઉપર એણાસણ નજીક આ બનાવ બન્યો હતો. જે ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી બાઈક લઈને જતા બે યુવાનોને નશાખોર કાર ચાલકે ઠોકરે ચડાવી દેતા બન્નેના મોત થયા હતા. પોલીસે નશાખોર કાર ચાલકની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ દહેગામ-નરોડા હાઈવે પસાર થતા ૨ બાઈક પર સવાર યુવાનોને પૂરપાટ ઝડપે આવતી ગાડીએ સામેની તરફથી ટક્કર મારી હતી. કારની ટક્કર વાગતાં બાઈક પર સવાર ૨ યુવાનના મોત થયા હતા. ત્યારે અકસ્માતની ઘટનાનાં ઈઈઝટ સામે આવ્યા હતા. જેમાં કાર ચાલક દારૂના નશાના હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે.

બાઈક પર સવાર યુવાનોની તપાસ કરતા અમિત રાઠોડ અને વિશાલ રાઠોડનું નામ સામે આવ્યું છે. ત્યારે સમગ્ર ઘટનાને લઈ પોલીસે નશામાં ધૂત કાર ચાલકને ઝડપી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ શહેરમાં વારંવાર બનતી આવી ઘટનાઓને લઈ શહેરીજનોમાં રોષ ફાટી નિકળ્યો છે. તથા આવી ઘટનામાંઓમાં આરોપીઓને કડકમાં કડક સજા આપવામાં આવે

તેવી માંગ કરવામાં આવી છે.અમદાવાદમાં પોલીસની કડક કાર્યવાહીના દાવાઓ બાદ પણ બેફામ સ્પીડે ચાલતાં વાહનો પર અંકુશ આવી રહ્યો નથી. આઠ દિવસ પહેલાં પણ એસજી હાઈવે પર એક યુવકે બેફામ સ્પીડે કાર ચલાવી સવારે સાઈકલ લઈ નીકળેલા બે તબીબોને અડફેટે લેતા ગંભીર ઈજા પહોંચી હતી. જો કે, બાદમાં પોલીસે કારચાલકને ઝડપી પાડ્યો હતો.

ગુજરાતમાં મહિલાઓ હવે શેરબજાર રોકાણમાં આગળ

આઈપીઓના લીસ્ટીંગ ગેઇનથી પ્રારંભ થયેલા રસ હવે લાંબાગાળાના રોકાણકારમાં ફેરવાઈ રહ્યો છે

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

ગુજરાત એ ઈન્વેસ્ટર ફેન્ડલી સ્ટેટ તરીકે જાણીતું છે અને અહી શેરબજારમાં રોકાણ કરનારાઓ દેશમાં અગ્રણીઓ છે પણ હવે ગુજરાતી મહિલાઓ પણ રોકાણકાર તરીકે નામના મેળવી રહ્યા છે અને રાજયમાં મહિલા રોકાણકારની સંખ્યા પ્રથમ વખત ૨૫ લાખને પાર થઈ ગઈ છે અને તે ૨૭.૪% વધી છે.

નેશનલ સ્ટોક એકસચેંજના ડેટા મુજબ ૨૦૨૨ બાદ ગુજરાતમાં મહિલા રોકાણકારની સંખ્યામાં ૫૯%નો મોટો વધારો થયો છે. સામાન્ય રીતે ગુજરાતી મહિલાઓ તેમની નાની બચત સાડીઓના થપ્પા વચ્ચે રાખતી હોય છે. થોડી વધે તો બેન્કમાં બાંધી મુદત થાપણ કરાવે છે અને તેઓએ બચત વધે તો પછી સોનું ખરીદે છે.

જો કે હવે સોનાનો ભાવ તો પહોંચ બહાર ચાલ્યો ગયો છે અને તેથી આ નાણા શેરબજારમાં રોકાઈ રહ્યા છે. ખાસ કરીને આઈપીઓમાં લીસ્ટીંગ ગેઈન એ વ્યાપક ચર્ચાનો વિષય બન્યા બાદ મહિલા રોકાણકારોનો શેરબજારમાં રસ વધ્યો છે. ૨૦૨૨ના અંતે ગુજરાતમાં નોંધાયેલા રોકાણકારોની સંખ્યા જે ૫૯.૬ લાખ હતી તેમાં મહિલા રોકાણકારોની સંખ્યા ૧૬.૧૮ લાખ હતી જે ૨૦૨૪ના ઓકટોબર માસના આંકડા મુજબ રાજયમાં કુલ નોંધાયેલા રોકાણકારની સંખ્યા ૯૩.૬૫ લાખ થઈ છે અને

તેમાં મહિલા રોકાણકારોની સંખ્યા ૨૫.૬૬ લાખ નોંધાઈ છે. જો કે દેશભરમાં હવે શેરબજારમાં મહિલા રોકાણકારોની સંખ્યા વધી છે.દેશમાં ૨૦૨૨ના આંકડા મુજબ મહિલા રોકાણકારોની સંખ્યા જે ૨૨.૬% હતી તે ૨૦૨૪ના ઓકટો.ના આંકડા મુજબ ૨૩.૯% થઈ છે. મહારાષ્ટ્રમાં તે સંખ્યા ૨૭.૭% છે જયારે દિલ્હીમાં ૨૯.૮% અને તામિલનાડુમાં ૨૭.૫% છે. આમ ગુજરાત ચોથા ક્રમે આવે છે. બિહારમાં ૧૫.૪%, ઉતરપ્રદેશમાં ૧૮.૨% અને ઓડિસામાં ૧૯.૪% મહિલા રોકાણકાર છે. આમ નાણાકીય બજારમાં મહિલામાંજ વધતી ભાગીદારી એ એક સારી નિશાની ગણવામાં આવે છે. મહિલાએ આઈપીઓમાં તેના બચતના નાણા રોકે છે અને ધીમે ધીમે તે ઈકવીટી માર્કેટમાં પણ રોકાણ માટે આગળ આવે છે.

જયેશ રાદડિયાએ વિરોધીઓને આડે હાથ લીધાઃ આડા આવવાનું રહેવા દેજો, હિસાબ કરવા મેદાનમાં ઉતરવું ન પડે

જેતપુર તાલુકાનાં થાણાગાલોળ ગામમાં વિઠ્ઠલ રાદડિયાની પ્રતિમાના અનાવરણ કાર્યક્રમમાં નામ લીધા વગર વિરોધીઓને સંભળાવ્યું

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટના જેતપુર તાલુકાના થાણાગાલોળ ગામમાં વિઠ્ઠલ રાદડિયાની પ્રતિમાના અનાવરણ કાર્યક્રમમાં જયેશ રાદડિયા ફરી તેમના વિરોધી પર વરસ્યા હતા. નામ લીધા વિના રાદડિયાએ વિરોધીઓ પર નિશાન તાક્યું અને હુંકાર કર્યો કે મને આડા આવવાનું રહેવા દેજો અને નક્કી જ કર્યું હોય આડું આવવાનું તો તેનો મારે હિસાબ કરવા મેદાનમાં ઉતરવું ન પડે તેનું ધ્યાન રાખજો. ઉતરવું પડે તો પણ મારી તૈયારી છે હું પણ રાજકીય માણસ છું.

વધુમાં જણાવ્યું હતું કે, કરે છે એને કરવા નથી દેવું અને જે કદાચ કામ કરતું હોય તો એનાથી કદાચ ભૂલ થાય તો સમાજે એની ભૂલ પણ સ્વીકારવી પડશે. બાકી ઓટે બેઠા-બેઠા વોટ્સએપમાં મેસેજ કરે ખોટા તો એને કેશું તું કામ કર અમે નીચે બેસી જશું.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના થાણાગાલોળ ગામે ખેડૂત નેતા વિઠલભાઈ રાદડીયાની પ્રતિમાનું અનાવરણ, લેઉઆ પટેલ સમાજ ભવનનુ ખાતમુહુર્ત, નવનિર્મિત આંગણવાડીનુ લોકાર્પણ, રાજકોટ જીલ્લા બેંક, જીએસસી બેંક અને ઈફકો-નવી દિલ્હી તેમજ સર્વોદય સેવા સહકારી મંડળી-થાણાગાલોળના સંયુક્ત ઉપક્રમે રવિ પાક શિબિર તેમજ રક્તદાન કેમ્પ અને રક્તતુલા સહિતના અનેકવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને થાણાગાલોળ મંડળીના સભાસદો તેમજ ગ્રામજનોને શુભકામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમ દરમિયાન જયેશ રાદડિયાએ ફરી એક વખત નામ લીધા વગર વિરોધીઓ સામે આકરા પ્રહાર કર્યા હતા. આ પ્રસંગે વિધાનસભાના નાયબ દંડક કૌશીકભાઈ વેકરીયા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

સારું કામ કરતા હોય એને અવરોધમાં હવનમાં હાડકાં નાખવાનું બંધ કરી દેજો. જેમ તાકાતથી સમાજનું નેતૃત્વ કરીએ છીએ એમ હવે જે વચ્ચે આવે છે. એના હિસાબ કરવા ન પડે, આ મેદાનમાં મારે ઉતરવું ન પડે, ઉતરવું પણ નથી સમાજની વાત આવે ત્યાં સુધી પણ છેલ્લે એન્ડ સુધી મને હેરાન કરવામાં આવે અને હેરાન કરવાનું નક્કી જ કરી લીધું હશે તો પછી હું પણ રાજકીય માણસ છું. મને પણ બધું આવડે જ છે. જે સારું કામ કરતા હોય એને કરવા દેજો જે જેનું કામ છે તેને મુબારક..

લખતર ગામે રેલ્વે સ્ટેશન રોડ પર કોન્ટ્રાકટર પર ફાયરીંગ

રસ્તાના કામમાં ડાયવર્ઝન બાબતે રજૂઆત કર્યાનું મનદુઃખ રાખી ફાયરિંગ કરાયુંઃપોલીસે બનાવ અંગે ત્રણ શખસો સામે ગુનો નોંધી તપાસ આદરી

મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર

લખતરના રેલવે સ્ટેશન રોડ પર આવેલ શ્રેયાંસ સોસાયટીમાં રહેતા ૪૮ વર્ષીય ભરતસીંહ પ્રતાપસીંહ પરમાર કોન્ટ્રાકટરનો વ્યવસાય કરે છે.

તેઓને લખતર હાઈવે પર સાંઈ ગેસ્ટ હાઉસ પણ છે. જે હાલ અલ્પેશભાઈ મીસ્ત્રીને ભાડે આપેલ છે. ગેસ્ટ હાઉસની બાજુમાં બીજા કોમ્પલેક્ષમાં તેઓનું કામ ચાલુ હોય અને સેન્ટીંગના કામમાં મજુરો લોખંડ બાંધવાનું કામ કરતા હોય તા. ૩૦મીના રોજ સાંજે તેઓ મજુરોને જમાડવા ગયા હતા. મજુરોને જમાડયા બાદ ગેસ્ટ હાઉસની રૂમમાં તેઓએ જમવાનું મંગાવ્યુ હતુ. અને જમતા હતા. ત્યારે બાજુમાં અલ્પેશભાઈ બેઠા હતા. આ સમયે દેવળીયાના અજયસીંહ બળવંતસીંહ રાણા અને એક અજાણ્યો માણસ તેમની રૂમમાં આવ્યા હતા. અને અજયસીંહે તું મારા ભાઈ ધર્મેન્દ્રસીંહ સાથે કેમ માથાકુટ કરે છે. તેમ કહી અપશબ્દો કહ્યા હતા. જેમાં ભરતસીંહે અપશબ્દો કહેવાની ના પાડતા ઉશ્કેરાયેલા ખાનગી ફાયરિંગના વધતા બનાવો ચિંતાજનક ઝાલાવાડમાં છેલ્લા થોડા સમયથી ફાયરીંગના બનાવોએ માઝા મુકી છે. સાયલાના સુદામડા, ચોટીલા હાઈવે, જોરાવરનગર અને લખતર પંથકમાં ફાયરિંગના બનાવો બાદ પોલીસ કડક કાર્યવાહી કરી છે. જેમાં પોલીસે ૧૨થી વધુ ગેરકાયદે હથિયારો સાથે શખ્સોને ઝડપી લીધા છે. જયારે હથીયારનો પરવાનો ન હોવા છતાં સોશિયલ મીડિયામાં ફોટો મુકી રોલા પાડનાર ૧૫થી વધુ સામે ગુના દાખલ કર્યા છે. તેમ છતાં જિલ્લામાં ફાયરિંગના બનાવો અટકવાનું નામ લેતા નથી.

અજયસીંહે પેન્ટના નેફામાંથી પીસ્ટલ જેવુ હથિયાર કાઢી ફાયરીંગ કરતા ભરતસીંહે હાથ આડો ધરી દેતા ગોળી હાથના બાવડા પર વાગી હતી. જયારે અજયસીંહે બીજો રાઉન્ડ ફાયરીંગ કરતા ભરતસીંહ નીચે બેસી જતા ગોળી દીવાલ પર લાગી હતી.

આ દરમિયાન મેનેજર અલ્પેશભાઈ વચ્ચે પડતા બન્ને નીચે રાખેલી કાર લઈ ફરાર થઈ ગયા હતા. જેમાં ભરતસીંહને લોહી નીકળતી હાલતમાં સારવાર માટે તુરત જ સુરેન્દ્રનગર શહેરની સી.યુ.શાહ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. બનાવની લખતર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ભરતસીંહે જણાવ્યુ કે, ગામમાં સીસી રોડનું કામ ચાલુ છે.

જેમાં યોગ્ય ડાયવર્ઝન ન હોવાથી ટ્રાફીકનો પ્રશ્ન ઉપસ્થિત થતો હતો. આથી તેઓએ કોન્ટ્રાકટરને આ બાબતે રજૂઆત કરી હતી. અજયસીંહનો ભાઈ ધર્મેન્દ્રસીંહ પર નાના મોટા કોન્ટ્રાકટ રાખતો હોઈ તેને આ વાતની જાણ થતા તેને આ વાત ગમી ન હતી. અને ત્રણ દિવસ પહેલા ધર્મેન્દ્રસીંહે ફોન કરી બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો. જેમાં ધર્મેન્દ્રસીંહે તેના ભાઈ અજયસીંહ અને અજાણ્યા માણસને ગેસ્ટ હાઉસમાં મોકલી બે રાઉન્ડ ફાયરીંગ કરી જીવલેણ હુમલો કર્યો છે.

હળવદ પોલીસે જુગારધામ પર દરોડો પાડી વાડીની ઓરડીમાં જુગાર રમતા સાત પત્તાપ્રેમીઓને રોકડા ૭.૦૯ લાખ સાથે પકડી લીધા

સુસવાવ ગામે બોડલી નામની સીમમાં દરોડો પાડી વધુ એક જુગારની મીનીક્લબનો પર્દાફાશ

મુખ્ય સમાચાર,મોરબી

હળવદ પંથકમાં હાલ જુગારની મોસમ સોળે કળાએ ખીલી હોય ત્યારે હળવદ પોલીસ દ્વારા એક પછી એક મસમોટા જુગારના હાટડા ઉપર રેઈડ કરી જુગારીઓમાં ફફડાટ ફેલાવી દીધો છે, જેમાં હમણાં પાંચ દિવસ પહેલા હોટલ લેક્વ્યુના રૂમમાં ઘોડીપાસાના જુગારની મીનીક્લબ ઉપર દરોડો પાડી ૧૮ જુગારીઓને ૨ લાખની રોકડ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા, જો કે તે દરોડામાં તો ભાજપ પાર્ટીના બે સક્રિય કાર્યકરોની અટક કરાઈ હતી જેથી તે બંનેને પક્ષ દ્વારા સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા હતા અને હજુ એક ભાજપી કાર્યકર ફરાર પણ હતા તે બાબતે હાલ ભીનું સંકેલાય ગયું છે, ત્યારે તાજેતરમાં હળવદ પોલીસે વધુ એક પૂર્વ બાતમીને આધારે કરેલ જુગારના દરોડામાં વાડીની ઓરડીમાં ચાલતી જુગારની મીનીક્લબ ઝડપી લેવામાં આવી હતી, જેમાં જુગાર રમતા સાત જુગારીને રોકડા રૂપિયા ૭,૦૯,૧૩૦/-સાથે ઝડપી લેવામાં આવ્યા છે. જ્યારે વાડી-માલીક આરોપી રેઈડ દરમિયાન હાજર મળી આવેલ ન હોય જેથી તેને ફરાર દર્શાવી હળવદ પોલીસે તમામ આરોપીઓ સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર હળવદ પોલીસ મથકના પીઆઈ આર.ટી.વ્યાસની રાહબરી હેઠળ કોન્સ. ટ્રેવેન્દ્રસિંહ દેવપાલસિંહ ઝાલાને મળેલ બાતમીને આધારે હળવદ પોલીસ ટીમ સાથે અરવિંદભાઈ ભગવાનજીભાઈ પટેલની સુસવાવ ગામની બોડલી સીમમાં આવેલ વાડીની ઓરડીમાં રેઈડ કરી હતી. જેમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમી રહેલા સુરેશભાઈ જયંતિભાઈ પટેલ રહે.મોરબી અવની પાર્ક, હસમુખભાઈ વલમજીભાઈ પટેલ રહે.હળવદ ઉમિયાપાર્ક, જગમાલભાઈ રેવાભાઈ ભરવાડ રહે.મોરબી તાલુકાના જેતપર ગામે, અશ્વીનભાઈ રામજીભાઈ મોરડીયા રહે.મોરબી ગોકુલનગર રવાપર રોડ, જગદિશભાઈ કુલજીભાઈ પટેલ રહે. મોરબી અવનીપાર્ક, સતિષભાઈ ધનજીભાઈ પટેલ રહે.મોરબી અવનીપાર્ક તથા મહેશભાઈ રણછોડભાઈ પટેલ રહે. હળવદ તાલુકાના રણજીતગઢ ગામવાળાને રોકડ રકમ રૂા.૭,૦૯,૧૩૦/- તથા જુગાર રમવાના સાહિત્ય સાથે પકડી

લેવામાં આવ્યા હતા. રેઈડ દરમિયાન વાડી-માલીક આરોપી અરવિંદભાઈ ભગવાનજીભાઈ પટેલ રહે. હળવદ તાલુકાના ઈશ્વરનગર ગામવાળા હાજર મળી ન આવેલ હોય જેથી હળવદ પોલીસે કુલ આઠ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ સફળ કામગીરીમાં હળવદ પોલીસ પીઆઈ આર.ટી.વ્યાસ તથા હેડ.કોન્સ. દિનેશભાઈ હનાભાઈ બાવળીયા, વિપુલભાઈ સુરેશભાઈ ભદ્રાડીયા તથા કોન્સ દેવેન્દ્રસિંહ દેવપાલસિંહ ઝાલા, હરવિજયસિંહ કિરીટસિંહ ઝાલા, રણજીતસિંહ અરજણભાઈ રાઠોડ, મનોજભાઈ ગોપાલભાઈ પટેલ સહિતની પોલીસ ટીમ રોકાયેલ હતી.

ઉના લોહાણા મહાજને ડે. કલેક્ટરને આવેદનપત્ર આપી હુમલો કરનાર સામે કડક કાર્યવાહી કરવા માગ કરી

મુખ્ય સમાચાર,ઉના

ઉના અહેવાલ (અબ્દુલ પઠાણ દ્વારા

સાવરકુંડલા ગામે લોહાણા મહાજનની વાડી પાસે પાર્કિંગ બાબતે લોહાણા સમાજના આગેવાનો પર થયેલા હુમલા થયો હતો. ઉના લોહાણા મહાજન પ્રમુખ સહીત આગેવાનોએ આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢી છે અને ઉના પ્રાંત અધિકારી ડે.કલેક્ટરને લેખીત આવેદન પત્ર પાઠવી ગુનેગારને પકડી પાડી કડક સજા કરવાની માગ કરી છે.

ઉના લોહાણા મહાજન પ્રમુખ ડોક્ટર મનોજ માનશેતા, રસિક તન્ના, ભવ્ય પોપટ, ચિંતન ગઢીયા, નીરવ ગઢીયા, મનદીપ પોપટ, કૌશિક સુબા, કાન્તિ છગ સહિતના આગેવાનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી લોહાણા મહાજન પ્રમુખ સાવરકુંડલાના તથા જ્ઞાતિના સભ્યો ઉપર થયેલા હુમલાના વિરોધ વ્યક્ત કરી આવેદન પત્ર પાઠવ્યું છે. આ બનેલી ઘટનાઓ વખોડી કાઢી આ શખ્સોને પકડી પાડી કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માગ કરાઈ હતી.

વિધાનસભાના વિપક્ષ નેતા અમિત ચાવડા જામનગરની મુલાકાતે

મુખ્ય સમાચાર,જામનગર

જામનગર વિશ્વવિખ્યાત બાલા હનુમાન મંદિર ખાતે ગુજરાત વિધાનસભાના વિપક્ષના નેતા અમિત ચાવડા સહિત કોંગ્રેસના આગેવાનો દ્વારા બાલા હનુમાન મંદિર આરતી લીધી ત્યારબાદ દર્શન કરી રામધૂન બેઠા હતા. તેમજ ગુજરાત વિધાનસભાના વિપક્ષના નેતા અમિત ચાવડા સાથે વાતચીત કરતા તેમને જણાવ્યું હતું કે, આજે જામનગરનું હનુમાનજીના મંદિરે દર્શન કરવાનો મોકો મળ્યો અને ભગવાન શ્રીરામ હનુમાનદાદા ના ચરણોમાં સિસ ઝુકાવીને સર્વના કલ્યાણ માટે પ્રાર્થના કરી છે.સતત ૬૧ વર્ષથી અખંડ રામધૂન ચાલી રહી છે. ગમે તેવા શરદી, ગરમી,વરસાદ હોય કોરોના કાળ હોય કે મહામારી હોય કે કોઈ કુદરતી આપત્તો હોય ત્યારે બંધ નથી રહી અને એના જ કારણે સતત ભગવાનના આશીર્વાદ આ વિસ્તારમાં વરસી રહ્યા છે સાથે ગુજરાતમાં વરસી રહ્યા છે. આજે અમે બધા જ કોંગ્રેસના આગેવાનો અખંડ

રામધૂનમાં ભાગ લેવાનો મોકો મળ્યો ભગવાનને પ્રાર્થના કરી છે. સર્વ ગુજરાતીઓનુંકલ્યાણ કરે સુખ શાંતિ સમૃદ્ધિ આપે અને રાજ્ય અને રાષ્ટ્રનો ખૂબ વિકાસ થાય અને એમાં કામ કરવાની અમને સૌને શક્તિ મળે એવી પ્રાર્થના કરી છે.અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું કે, કૃષિમંત્રી રાઘવજીભાઈ નો અચાનક અમે સર્કિટ હાઉસમાં ભેટો પણ થયો. અને સુખ દુઃખના હાલ પણ જાણ્યા છે ને સાથે સાથે આખા ગુજરાતમાં ખેડૂતો જે દુઃખી છે આર્થિક રીતે પાઈમાલ થયા છે. સતત કુદરતી આપત્તિ કમોસમી વરસાદ અતિવૃષ્ટિ પૂરને ને કારણે ખેડૂતોને જે વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું છે. હજી પણ એના સર્વે મોટા મોટા પેકેજોની જાહેરાત થઈ પણ હકીકતમાં ખેડૂતોને અને નુકસાની નું વળતર નથી મળ્યું તારા અમે એમને પણ કીધું છે. ત્યારે અમે કૃષિ મંત્રી રાઘવજી પટેલને કહ્યું કે તમારું સ્વસ્થ સાચવો છો. ગુજરાતના ખેડૂતોનું પણ સ્વાસ્થ્ય સચવાય તેવી ચિંતા કરજો અને સરકાર ખાલી જાહેરાતો ના કરે સાચા અર્થમાં મદદ મળે નુકસાની વળતર મળે એવી અમને ધ્યાન પણ દોર્યું છે.જામનગરની મુલાકાતનું કારણ શું શું હતા કાર્યક્રમો તે વિશે વિપક્ષ નેતા અમિત ચાવડાએ કહ્યું કે, બધા જ અમારા આગેવાનો મારો પૂર્વ સાંસદ પૂર્વ સાથે ધારાસભ્ય વિક્રમભાઈ અમારા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ દિગુભા, આનંદભાઈ ગોહિલ ,અલ્તાફભાઈ તમામ આનંદભાઈ રાઠોડ સહીત કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો કોર્પોરેટરો અને સંગઠનના મિત્રો સાથે આજે મળ્યા પણ છે. નાના વેપારીઓને એમની ચીજ વસ્તુઓ માલ સ્ટોક બરબાદ થઈ ગયો એ લોકોને હજુ પણ પૂરતા પ્રમાણમાં સહાય નથી મળી એની પણ ફરિયાદ છે. કોર્પોરેશનના વ્યાપક ભ્રષ્ટાચાર અને ગેરરીતીની અનેક કિસ્સાઓ પણ ફરિયાદો પણ આજે મળી જાય અને આવનારા દિવસોમાં ફરી સાથે મળીને લોકોના પ્રશ્નોને ઉજાગર કરીશું ફરી લોકો સામાન્ય લોકો માટે કામ કરતી કોર્પોરેશન સત્તા આવે એ દિશામાં કામ કરીશું.

મોરબીમાં જીલ્લા પોલીસની સરપ્રાઈઝ વાહન ચેકિંગ ડ્રાઈવઃ ટ્રાફિક નિયમોની કડક અમલવારી

મુખ્ય સમાચાર,મોરબી

મોરબી જીલ્લા પોલીસ દ્વારા ૩૦ નવેમ્બરના રોજ સાંજે ૫ વાગ્યાથી ૮ વાગ્યા સુધી જીલ્લા પોલીસવડાની હાજરીમાં સરપ્રાઈઝ મેગા વાહન ચેકિંગ ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ ડ્રાઈવ દરમિયાન ૧,૫૯૭ વાહનો ચકાસવામાં આવ્યા હતા જેમાં ૮૯ શંકાસ્પદ વાહનો કબ્જે કરાયા હતા અને ૧.૧૮ લાખ રૂપિયાની સમાધાન શુલ્ક પાવતી દંડ વસૂલી કરવામાં આવી હતી.

મોરબી જીલ્લા પોલીસની સરપ્રાઈઝ વાહન ચેકીંગ માટેની ડ્રાઈવ બાબતની યાદી અનુસાર રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર સૂચનાના આધારે, મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ સરપ્રાઈઝ મેગા વાહન ચેકિંગ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન કરતા વાહન ચાલકો માટે અને અકસ્માતોની સંખ્યા ઘટાડવા માટે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ ડ્રાઈવ દરમિયાન કુલ ૧,૫૯૭ વાહનો ચકાસવામાં આવ્યા હતા. જેમાં ૮૯ વાહનોના માલીકીની આધાર પુરાવા વગરના શંકાસ્પદ વાહનો એમ.વી. એક્ટ ૨૦૭ મુજબ કબ્જે કરવામાં આવ્યા હતા. તેમજ ટ્રાફિક ઉલ્લંઘન માટે કુલ ૨૫૦ સમાધાન શુલ્ક પાવતીઓ આપવામાં આવી હતી, જેમાં ૧,૧૮,૨૦૦/- રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો, આ સિવાય બ્લેક ફીલ્મ લાગેલા ફોર વ્હીલર માટે ૩૬ કેસ નોંધાયા હતા, ઈજ્જ નંબર પ્લેટ વગરના ૩૨ કેસ નોંધાયા, નંબર પ્લેટ

વગર અને ફેન્સી તૂટેલી પ્લેટના ૮૦ કેસ નોંધાયા, ડ્રન્ક એન્ડ ડ્રાઈવ કેસ ૧ ગુનો એમ.વી. એક્ટ ૧૮૫ હેઠળ નોંધવામાં આવ્યો હતો.

વધુમાં મોરબી જીલ્લા પોલીસ દ્વારા પ્રજાજોગ સંદેશ આપી જણાવાયું છે કે આગામી સમયમાં પણ ઉપરોકત ટ્રાફિક નિયમનોનુ પાલન કરાવવા માટે તેમજ મોરબી જીલ્લાના લોકોની સલામતી અને જીલ્લામાં શાંતીનો માહોલ જળવાઈ રહે તેમજ મોરબી જીલ્લામાં ટ્રાફિક વ્યવસ્થા અને ટ્રાફિકના નિયમોનુ પાલન કરવા તેમજ મોરબી શહેરમાં વન-વે રોડ, એક-બેકી પાર્કિંગ વ્યવસ્થા તેમજ સમયાંતરે પ્રસિધ્ધ કરવામાં આવતા જાહેરનામાઓનું લોકો પાલન કરે તે માટે અનુરોધ કરવામાં આવેલ છે.

DPEOને સૌથી ઢીલા, નબળા શિક્ષણાધિકારીનો એવોર્ડ!

ગજ્જઈ અને યુવક કોંગ્રેસનું આવેદન, રિપોર્ટ જાહેર કરવા માંગ

મુખ્ય સમાચાર,જામનગર

જામનગરનાં દરેડમાં શિક્ષણ તાલીમ ભવનમાં ૮૦૦૦થી વધુ સરકારી પુસ્તકો પલળવાના પ્રકરણમાં તપાસના નામે ઠીંડક ચાલી રહ્યાનો આક્ષેપ એનએસયુઆઇ અને યુવક કોંગ્રેસે કરી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને રાજયના સૌથી ઢીલા અને નબળા શિક્ષણાધિકારીનો એવોર્ડ આપી વિરોધ વ્યકત કર્યો હતો. આટલું જ નહીં આવેદન પાઠવી રિપોર્ટ જાહેર કરવા માંગ કરી છે.એનએસયુઆઇ અને યુવક કોંગ્રેસે શનિવારે આપેલા આવેદનમાં જણાવ્યાનુસાર આ પ્રકરણમાં તપાસ ૧૦ દિવસમાં પૂર્ણ કરી વિગતો જાહેર કરવા, પ્રથમ વખત બનેલ ૪ અધિકારીની તપાસ

સમિતિનો રિપોર્ટ જાહેર કરવા ઉચ્ચ કક્ષાએ કોઈ રીપોર્ટ સોંપાયો હોય તો એ જાહેર કરવા, દોષિત સાબિત થાય એવા કર્મચારીઓ વિરૂદ્ધ કાયદાકીય- ખાતાકીય કાર્વાહી કરી કાર્યવાહીની વિગત જાહેર કરવામાં આવે તથા જે વિદ્યાર્થીઓને પુસ્તકો નથી મળ્યા તેમને તાત્કાલિક વિતરણ કરવા માંગણી કરી છે.જો યોગ્ય કાર્યવાહી ન થાય તો આગામી સમયમાં આંદોલનની ચીમકી પણ આપવામાં આવી છે.

કાર્યક્રમમાં યુવક કોંગ્રેસ પ્રમુખ ડો. તૌસિફખાન પઠાણ, ગુજરાત યુવક કોંગ્રેસ મંત્રી શકિતસિંહ જેઠવા, એન.એસ.યુ.આઈ. શહેર પ્રમુખ રવિરાજસિંહ ગોહિલ તથા ગુજરાત મહામંત્રી મહિપાલસિંહ જાડે જા સહિતનાં આગેવાનો જોડાયા હતાં.

મોરબીના વીસીપરા વિસ્તારમાંથી પીસ્ટલ અને બે કાર્ટીજ સાથે એક ઈસમ પકડાયો

બી ડિવિઝન પોલીસે ૧૦,૨૦૦/-ના મુદ્દામાલ સાથે આરોપીની કરી અટક

મુખ્ય સમાચાર,મોરબી

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે વીસીપરા મેઈન રોડ ઉપર પટેલ જીનના પડતર પડેલ ગ્રાઉન્ડમાંથી આરોપી સદામ ઈલ્યાસભાઈ કટીયા ઉવ.૨૪ રહે.વીસીપરા ચાર ગોડાઉન પાછળ ને ગેરકાયદેસર રીતે લાયસન્સ કે આધાર વગર, દેશી બનાવટની પીસ્ટલ નંગ-૧ કી.રૂ.૧૦,૦૦૦/- તથા કાર્ટીઝ નંગ-૨

કિ.રૂ.૨૦૦/- સાથે પકડી લેવામાં આવી કુલ કિં.રૂ.૧૦,૨૦૦/-નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ સાથે પકડાયેલ આરોપી વિરુદ્ધ બી ડિઝાન પોલીસ મથકમાં હથિયારધાર હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જામનગરમાં પારિવારિક ઝગડાના કારણે દોઢ માસથી રિસામણે બેઠેલી મહિલાનું પરિવાર સાથે સુખદ સમાધાન કરાવતી ૧૮૧ ટીમ

મુખ્ય સમાચાર,જામનગર

જામનગરમાં કાર્યરત ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન મહિલાઓ માટે ખરા અર્થમાં આશીર્વાદરૂપ સાબિત થઈ છે. જામનગરની એક મહિલાએ ૧૮૧માં ફોન કરી મદદ માંગતા જણાવ્યું હતું કે પારિવારિક ઝઘડાના કારણે હું દોઢ માસથી મારા પિયરમાં છું અને મારા સાસરા પક્ષથી અત્યારે કોઈ સંપર્ક નથી પરંતુ મારે સમાધાન કરી પરત સાસરે જવું હોવાથી ડર લાગે છે કે એ લોકો મને અપનાવશે કે નહીં તેથી મારે ૧૮૧ મહિલા હેલ્પલાઈનની મદદની જરૂર છે.

કોલ આવતાની સાથે જ જામનગર અભયમ ટીમના કાઉન્સેલર રીના દિહોરા, પોલીસ કોન્સ્ટેબલ ગીતાબેન ધારવીયા તેમજ પાયલોટ સુરજીતસિંહ વાઘેલા સહિત ટીમ ઘટના સ્થળ પર પહોંચેલ અને

મહિલાને આશ્વાસન આપી કુશળ કાઉન્સેલિંગ કરેલ અને સમસ્યા જાણેલ કે મહિલાને પહેલા બાળક વખતે કસુવાવડ થયેલ હોય આ વાતને લઈને તેના સાસુ, સસરા અને પતિ માનસિક ત્રાસ આપી અપશબ્દ બોલતા તેમજ ખાણીપીણીમાં અને પહેરવેશમાં દેરાણી જેઠાણી અને મારા વચ્ચે ભેદભાવ કરતા હોય અને પતિએ મારપીટ કરેલ હોય તેથી ત્રાસથી કંટાળીને તેઓ તેમના પિયર દોઢ માસથી ચાલ્યા ગયા છે.

૧૮૧ની ટીમ દ્વારા મહિલા તેમના સસરા પક્ષના સભ્યોનું કુશળ કાઉન્સેલિંગ કરી કાયદાકીય અને ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫ વિશે વિગતવાર કાયદાકીય માહિતી આપી હતી. તેમજ પારિવારિક સંબંધનું મહત્વ સમજાવ્યું હતું. તેઓએ તેમની ભૂલ સ્વીકારતા મહિલાને રાજી ખુશીથી સ્વીકારી સુખદ સમાધાન થતા સૌએ ૧૮૧ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

જૂની કલેક્ટર કચેરીએ સર્વર ડાઉન વચ્ચે વિજળી ગૂલ; અરજદારોને ટોકન આપી બપોર પછી બોલાવતા હોબાળો

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટ શહેરની ઝોનલ કચેરીમાં રાશનકાર્ડ ઈ-કેવાયસી અને રેશનકાર્ડમાં નવા નામ ઉમેરવા- કમી કરવા સહિતની કામગીરી ધીમી ગતિએ ચાલતી હોવાથી અને સમય બપોરે ૧૧થી ૨ વાગ્યાનો હોવા છતાં ૧૨ વાગ્યે બારી બંધ કરી દેવાતા અરજદારોને મુશ્કેલી ભોગવી રહ્યાં છે. તેવામાં આજે જૂની કલેક્ટર કચેરીએ વિજળી ગૂલ થઈ જતા ૧૫૦ લોકોને ટોકન આપ્યા હતા. તેઓને બપોર બાદ આવવાનું કહેવામાં આવતાં હોબાળો મચી ગયો હતો. દરરોજ ઊ-સુભ મુદ્દે સર્વર ડાઉન સહિતની સમસ્યાને લઈને લોકો સરકાર સામે પોતાનો રોષ ઠાલવી રહ્યા હતા.

કેન્દ્ર સરકાર દ્વારા રેશનકાર્ડ ધારકો માટે ઈ-કેવાયસી ફરજિયાત કરવામાં આવ્યા છે અને હવે ઈ-કેવાયસી પૂરા કરવામાં એક મહિનો જ બાકી છે અને ત્યાં સુધીમાં જે રેશનકાર્ડ ધારકોના ઈ-કેવાયસી નહીં થયા હોય તેઓને રેશનિંગનો જથ્થો આપવાનો બંધ કરવામાં આવનાર હોવાથી રાજકોટની જૂની કલેક્ટર કચેરીમાં આવેલી ઝોનલ કચેરીમાં ઈ-કેવાયસીની કામગીરી માટે છેલ્લા એક પખવાડિયાથી ભારે ધસારો થઈ રહ્યો છે. દરરોજ અનેક અરજદારો પરત ફરતા હોવાથી દરરોજ માથાકૂટના કિસ્સા બની રહ્યા છે.

દરમિયાન આજે રેશનકાર્ડ ઈ-કેવાયસી અને અન્ય કામગીરી માટે આવેલા અરજદારોએ હંગામો મચાવ્યો હતો. એવો આક્ષેપ થયો હતો કે, રેશનકાર્ડમાં નામફેર કરવા માટે સવારે ૧૧થી ૨ વાગ્યા સુધીનો સમય આપવામાં આવ્યો છે. છતાં પણ ૧૨ વાગ્યે જ બારી બંધ કરી દેવામા આવે છે. સાથે જ આજે વિજળી ગૂલ થઈ જતાં જેઓને ટોકન અપાયા હતા તેઓને બપોર બાદ આવવાનું કહેવામાં આવતા અરજદારોમાં રોષ ફાટી નીકળ્યો હતો.

રાજ્ય સરકારે જાહેર કરેલી રજાઓની યાદીમાં મુજબ હવે સ્કૂલોમાં ધુળેટીની રજા ૧૫ માર્ચના બદલે ૧૪ માર્ચે અપાશે

સામાન્ય વહીવટી વિભાગ દ્વારા ગુજરાતના તહેવારોની જાહેર રજાની યાદીના આધારે બોર્ડને તારીખમાં ફેરફાર કરવો પડ્યો

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજ્યની શાળાઓમાં ધુળેટીના તહેવારની રજાને લઈને તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરેલા એકેડેકમિક કેલેન્ડરમાં ધુળેટીની રજા ૧૫ માર્ચના રોજ આપવામાં આવી હતી. પરંતુ ત્યારબાદ સરકાર દ્વારા જાહેર કરેલી રજાઓની યાદીમાં ધુળેટીની રજા ૧૪ માર્ચના રોજ નક્કી કરવામાં આવતા બોર્ડ દ્વારા રજાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જે મુજબ હવે રાજ્યની સ્કૂલોમાં ધુળેટીના તહેવારને લઈને ૧૫ માર્ચના બદલે ૧૪ માર્ચના રોજ રજા રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દરવર્ષે શૈક્ષણિક સત્રની શરૂઆતમાં જ એકેડેમિક કેલેન્ડર જાહેર કરવામાં આવતું હોય છે. જેમાં વર્ષ દરમિયાન કયા માસમાં કેટલા દિવસનો અભ્યાસ રહેશે, ક્યારે પરીક્ષા શરૂ થશે અને કયા દિવસોમાં રજા રહેશે તે અંગેની તમામ માહિતી દર્શાવેલી હોય છે. ચાલુ શૈક્ષણિક વર્ષ માટે પણ શિક્ષણ બોર્ડ દ્વારા એકેડેમિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં કુલ ૮૦ રજાઓમાં ૧૮ જાહેર રજાઓ આપવામાં આવી હતી. જાહેર રજાઓમાં ૧૫ માર્ચ, ૨૦૨૫ શનિવારના રોજ રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં

ધુળેટીના તહેવારની રજા શિક્ષણ બોર્ડ દ્વારા એકેડેમિક કેલેન્ડરમાં જાહેર કરવામાં આવી હતી. જોકે, ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલી જાહેર રજાઓની યાદીમાં ધુળેટીની રજા ૧૪ માર્ચ, ૨૦૨૫ના રોજ દર્શાવવામાં આવી હતી. જેથી શિક્ષણ બોર્ડ દ્વારા ધુળેટીની રજાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો હતો અને હવે ૧૫ માર્ચના બદલે ૧૪ માર્ચ, ૨૦૨૫ શુક્રવારના રોજ રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધુળેટીની રજા રહેશે.

રામકથાના ૭ દિવસમાં વધુ રૂ.૬૦ કરોડનું અનુદાન મળ્યું

વૃક્ષ અને વૃદ્ધના પ્રોજેક્ટ માટે સદ્ભાવનાટ્રસ્ટના ખાતામાં રૂ. ૧૨૦ કરોડ ઠલવાયા

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટના જામનગર રોડ પર પડધરી પાસે ૩૦ એકર જગ્યામાં રૂપિયા ૩૦૦ કરોડના ખર્ચે દેશનું સૌથી મોટું સદભાવના વૃદ્ધાશ્રમ નિર્માણ પામી રહ્યું છે. જેમાં ૫,૧૦૦ નિરાધાર, નિઃસંતાન અને બીમાર વડીલોને આશ્રય આપવામાં આવશે, ત્યારે તેના લાભાર્થે શહેરના રેસકોર્સ મેદાનમાં મોરારી બાપુની રામકથા આજે સંપન્ન થઈ હતી, ત્યારે આ રામકથામાં ૬૦ કરોડનું દાન એકત્ર થયું હોવાનું સદભાવના વૃદ્ધાશ્રમના મોભી વિજય ડોબરીયાએ જાહેર કર્યું હતું. જોકે, ભૂમિ પૂજન વખતે ૬૦ કરોડ એકત્ર થયાનું જણાવ્યું હતું એટલે કે અત્યાર સુધીમાં કુલ ૧૨૦ કરોડનું દાન પ્રાપ્ત થયું છે.

સમગ્ર રામકથામાં ૩,૦૦૦ સ્વયંસેવકોની ટીમ ખડે પગે આ રામકથામાં મોરારિ બાપુએ ૩ કરોડનું તુલસી પત્ર આપ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે તો ભાઈએ ૫ લાખનું દાન આપ્યું હતું. આજે પૂર્ણાહૂતિ વખતે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના વ્રજરાજ કુમાર ઉપસ્થિત રહ્યા હતા અને તેમમે મોરારિ બાપુને કૃષ્ણ કથા યોજવા માટે વિનય કર્યો હતો તો ઋષિકેશથી પધારેલા ચિદાનંદ સરસ્વતી મહારાજે વિશ્વની અન્ય સંસ્કૃતિઓમાં માય વે અથવા નો વે છે, જ્યારે ભારતીય સંસ્કૃતિમાં અન્ય લોકોનું કલ્યાણ કરવા માટેની ભાવના છે. સમગ્ર રામકથાના આયોજન માટે ૩,૦૦૦ સ્વયંસેવકોની ટીમ ખડે પગે રહી હતી, ત્યારે આજે સૌથી નાનો સાત વર્ષની ઉંમરનો સ્વયંસેવક શૌર્ય કાકરેચા કે જેને આ કથા માટે ૧૦૦થી વધુ વીડિયો બનાવ્યા. નાનપણથી જ વડીલોની સેવા અને વૃક્ષોના જતન માટેનો સંદેશો આપતા આ બાળકે હનુમાન ચાલીસાનો ગુજરાતી અર્થ કંઠસ્થ કરેલો છે. માનસ સદભાવના રામકથાના નવમાં દિવસે મોરારિ



બાપુએ કહ્યું કે, હવે વૃદ્ધોપનિષદ અને વૃક્ષોપનિષદ રચાવાના શરૂ થઈ ગયા છે. મને દેશ વિદેશમાંથી સમાચાર મળી રહ્યા છે કે, આ કથા સાંભળીને અનેક લોકો વૃક્ષારોપણ કરવા લાગ્યા છે. આજે અંતિમ દિવસે આપની પાસે એક જ દક્ષિણા માગુ છું કે, સૌ પાંચ પાંચ વૃક્ષો તો વાવજો જ. મોરારિ બાપુએ પોતાને આફ્રિકાથી મળેલા કચ્છના એક યુવાનનો સંદેશ વાંચી સાંભળાવતા કહ્યું કે, આ છોકરાએ પોતાના મિત્રો સાથે મળીને આફ્રિકામાં ૫૦ વૃક્ષો વાવ્યા તો લંડનથી મળેલા એક ફ્લાવરના સંદેશ મુજબ ત્યાં કેટલાય પરિવારો ૫-૫ વૃક્ષો વાવી રહ્યા છે.વનવાસથી લઈ રાજ્યાભિષેક સુધીની કથા વર્ણવી મોરારિ બાપુએ આજે આગળ ધપાવેલી રામકથામાં ભગવાન રામના વૈભવ અંગે વાત કરી સમૃદ્ધિ ક્યાંકને ક્યાંક દુખનું બીજારોપણ કરે છે એવું જણાવ્યું. બાદમાં કૈકયીનું વચન પાળવા રામે સ્વીકારેલો વનવાસ, ભરતને રાજગાદી બાદ ભરતનું નંદીગ્રામમાં પ્રયાણ, કૌશલ્યાનો વિલાપ, મારીચ સાથે મળીને રાવણે કરાવેલું સીતાનું હરણ, જટાયુની શહીદી, શબરીના આશ્રમે રામનું આગમન, નારદજી સાથે રામનું મિલન, હનુમાનનો લંકા પ્રવેશ, લંકા દહન, સેતુ બંધ અને રામેશ્વરની સ્થાપનાથી લઈ રાવણને મોક્ષ, વિભીષણને રાજ અને રામનું અયોધ્યા આગમન અને રાજ્યાભિષેક સુધીની કથા ભાવથી વર્ણવી હતી.

તેમણે આજે સાત પ્રકારની ઔષધિનો ઉલ્લેખ કર્યો જેમાં ગ્રંથો, ગ્રંથોમાં રહેલું હરીનામ, સુર્ય, ગાયનું દૂધ, બુદ્ધ પુરુષોનો સંગ, વૃદ્ધ અને વૃક્ષને ઔષધિ ગણાવ્યા. તેમણે દરેક ઘરમાં ત્રણ ત્રણ આશ્રમો હોવાનું જણાવ્યું.

પારેવડી ચોકમાં રાત્રે કારની અંદર દારૂની મહેફિલ ચાલતી'તી, પોલીસ પહોંચી પરંતુ ચારેય નાસી ગયા

રાજકોટમાં અમુક પોલીસ કર્મચારીઓ કેવી શંકાસ્પદ કામગીરી કરે છે તેનું ઉત્તમ ઉદાહરણ

મુખ્ય સમાચાર,રાજકોટ

શહેરમાં બૂટલેગર પર તવાઈ બોલાવવામાં આવે છે. લિસ્ટેડ બૂટલેગર પર સતત વોચ રાખવામાં આવે છે. દારૂ વેચવો બૂટલેગરો માટે લોખંડના ચણા ચાવવા જેટલું અઘરું છે તેવા પોલીસ અધિકારીઓ દ્વારા દાવા થાય છે જ્યારે લોકો જાણે છે કે, આ તમામ દાવા ખોખલા છે. પોલીસની ધાક ગુનેગારો પર કેટલી છે તે સાબિત કરતી ઘટના પ્રકાશમાં આવી છે. પારેવડી ચોકમાં કારમાં ચાર શખ્સ દારૂની મહેફિલ માણી રહ્યા હતા. પોલીસ પહોંચી હતી પરંતુ કોઈને પકડી શકી નહોતી અને ચારેય શખ્સ નાસી ગયા હતા. પારેવડી ચોકમાં મનહર પાન નામની દુકાનની સામે કારમાં ચાર શખ્સ દારૂ પી રહ્યાની શનિવારે રાત્રે ૧૦.૩૦ વાગ્યે જાણ થતાં બી.ડિવિઝન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જોગડા, કોન્સ્ટેબલ સિંધવ સહિતનો સ્ટાફ ખાનગી વાહન અને ખાનગી ડ્રેસમાં સ્થળ પર

પહોંચ્યો હતો. પોલીસને જે કારનું વર્ણન કરવામાં આવ્યું હતું તે કાર પોલીસને દેખાઈ હતી. પોલીસ સ્ટાફ કાર તરફ આગળ વધ્યો હતો, પરંતુ તેઓ કારમાં બેઠેલા લોકોને પકડે તે પહેલાં કારના ચારેય બારણા ખુલ્યા હતા અને દરેક બારણામાંથી એક એક વ્યક્તિ નીકળીને ભાગ્યો હતો. ચાર શખ્સ પોલીસની નજર સામે ભાગી જવામાં સફળ થયા હતા. આરોપીઓ તો હાથ આવ્યા નહોતા, પોલીસે કારની તલાશી લેતા તેમાંથી ૨૦૦ એમએલ દારૂ ભરેલી બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ અને કાર સહિત કુલ રૂ.૨,૦૦,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સૌથી મહત્ત્વની વાત એ છે કે પારેવડી ચોક ટ્રાફિકથી ધમધમતો વિસ્તાર છે. રાત્રીના સાડા દશ વાગ્યે તો લોકો મોટી સંખ્યામાં અહીં હોય છે છતાં એ સ્થળે કારમાં દારૂની છોળો ઊડી રહી હતી. આ ચારેય શખ્સ નશો કરી રહ્યા હતા તેવી ચર્ચા એ વિસ્તારના લોકોમાં થઈ રહી હતી. પોલીસે ગુનો નોંધી કારના નંબર અને સીસીટીવી ફૂટેજના આધારે ચારેય શખ્સની શોધખોળ શરૂ કરી હતી.

જંત્રી દરોમાં સૂચિત વધારાથી રિયલ એસ્ટેટ ક્ષેત્ર ભાંગી પડશે

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટ રિયલ એજન્ટ એસો.ની એક યાદી જણાવે છે કે, રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ સુચિત નવા જંત્રી દરમાં રાજકોટ સહિતના શહેરોમાં ૧૦ થી ૨૦ ગણો વધારો કરવામાં આવતા જમીન-મકાનના ધંધાર્થી, બોકરો, વકિલ, બિલ્ડરો સહિત જમીન-મકાન સાથે સંકળાયેલા તમામ ધંધાર્થીઓમાં કચવાટ સાથે વિરોધનો સુર ઉઠવા પામ્યો છે. સરકાર દ્વારા એક મહિનામાં વાંધા-સુચનની મુદ્દત આપી હોય ઢગલાબંધ નિર્દેશ મળી રહયા છે.શહેર આસપાસના વિસ્તારોમાં તોતીંગ વધારો કરવામાં આવ્યો છે. જયાં સામાન્ય ભાવ હતા ત્યા ૧૦થી ૨૦ ગણો વધારો થયો છે.

તેવા વિસ્તારોમાં વાજડી (વિરડા), હરીપર પાળ, રોણકી, મનહરપુર, મોટામવા, મુંજકા, છાપરા, દેવગામ, નાનામવા, કણકોટ, રૈયા, પરાપીપળીયા, ન્યારા, ઘંટેશ્વર, મવડી, માધાપર સહિતના વિસ્તારોમાં મોટા તફાવત જોવા મળ્યા છે.સરકારે એક જ ઝાટકે સુચિત જંત્રી દરમાં વધારો કરતા હવે જમીન-મકાનમાં રોકાણ નો કોઈ અવકાશ નહિ રહે તેવો સુર જમીન-મકાન ના ધંધાર્થી અને બિલ્ડરોમાંથી ઉઠી રહયો છે. તેના કારણે રીયલ એસ્ટેટમાં ઘોર મંદી આવવાની શક્યતા છે.રિયલ એસ્ટેટના નિષ્ણાંતોએ એવો મત વ્યકત કર્યો છે કે અત્યાર સુધી ખુલ્લા પ્લોટ તેમજ ખેતીની જમીન માં ટ્રેડીંગનો વ્યવસાય થતો હતો.

જેમાં રોકાણકારો ખુબ જ ઉત્સાહ પુર્વક રોકાણ કરતા હતા. તે હવે સદંતર અટકી જશે. તેમજ જંત્રીના આવા વિસંગતતા ભર્યા તેમજ અવ્યવહારીક નવા જંત્રી દરના કારણે જમીન-મકાન ના વ્યવહારો અટકી પડશે તેમજ ખુબ જ મોંઘા થઈ જશે. એટલુ જ નહિ ૪૫ લાખ થી ઉપર કેપીટલ ગેઈન ટેક્સ લાગું પડતો હોવાથી ઈન્કમટેક્ષ માં પણ ખુબ જ મોટા પાયે પ્રશ્નો સર્જાશે તેમજ

વર્તમાન સમયના જમીનના ચાલુ વ્યવહારમાં પણ જંત્રીના કારણે વિવાદો સર્જાશે. તેમજ લાંબી મુદતના સોદાઓમાં પણ મુસીબતો સર્જાશે.તેમજ જમીન-મકાનનું ટર્ન ઓવર ઘટશે. સરકારે વિચાર કર્યા વગર જ નવી જંત્રી દરની જાહેરાત કરતા તેના ઘેરા પડઘા પડી રહયા છે. વાંધા સુચનો પણ ઢગલા મોઢે થશે.સરકારે ઉતાવળે એક સાથે તોતીંગ જંત્રી દરની જાહેરાત કરતા રિયલ એસ્ટેટ સેકટર ભાંગી પડશે. તેમજ જંત્રી દરોમાં સમયાંતરે સ્ટેપ બાય સ્ટેપ વધારો કરવાની ૨૦૧૧ થી જ જરૂર હતી.

ગિરનાર ૭.૩ ડીગ્રી સાથે ટાઢોબોળ : રાજકોટમાં ચાલુ સિઝનની સૌથી વધુ ૧૩.૪ ડિગ્રી ઠંડી

નલિયામાં ૧૨ ડિગ્રી, પોરબંદર, વડોદરા અને ડિસામાં ૧૪ ડિગ્રી : સૌરાષ્ટ્ર – કચ્છમાં ઠંડીની તિવ્રતા વધી

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં હવે શિયાળો જામવા લાગ્યો છે અને ઠંડીનું પ્રમાણ પણ વધવા લાગ્યું છે. રાજકોટ શહેરમાં આજે ચાલુ સિઝનની સૌથી વધુ ૧૩.૪ ડિગ્રી, ઠંડી નોંધાતા નગરજનોએ તીવ્ર ઠંડીનો અહેસાસ કર્યો હતો. આ ઉપરાંત આજે ગિરનાર પર્વત પણ ઠંડોબોળ થઈ જતા પ્રવાસીઓ ઠુઠવાયા હતા.

જયારે આજરોજ નલિયા ખાતે ૧૨ ડિગ્રી, અમદાવાદ ૧૬.૨, વડોદરામાં ૧૪.૬, ભાવનગરમાં ૧૭.૪, ભુજમાં ૧૫.૬, દમણમાં ૨૦.૬, ડિસામાં ૧૪.૩, દિવમાં ૧૬.૮, દ્વારકામાં ૧૮.૬, કંડલામાં ૧૮.૬, પોરબંદરમાં ૧૪.૫, સુરતમાં ૨૧.૯ અને વેરાવળ ખાતે ૧૮.૮ ડિગ્રી, લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

દરમ્યાન ગઈકાલે ડિસેમ્બર માસનો પ્રારંભે જુનાગઢ અને જીલ્લામાં ઠંડીનો પારો નીચે ગગડી જવા પામતા શિયાળાનો મિજાજનો અનુભવ થવા પામ્યો છે. ઠંડીનો પારો ૨.૯ ડિગ્રી વધુ નીચે આવતા લઘુતમ તાપમાન ૧૨.૪ ડિગ્રી રહેવા પામ્યું હતું. ગિરનાર પર્વત ઉપર ૭.૩૫ ડિગ્રીએ પારો નીચે આવી જતા ઠંડીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

યાત્રીકો પ્રવાસીઓએ રવિવારની રજાનો આલ્હાદક વાતાવરણનો લાભ લીધો હતો. સાથે હીમ જેવો ઠંડો પવન ફુંકાતા વાતાવરણ ઠંડુગાર થવા પામતા પર્યટકોએ ગિરનારના રોપવેને બદલે પગથિયા ઉતરી આલ્હાદક વાતાવરણ અને લીલીછમ વનરાઈઓ, ઝરણાનો કુદરતી નઝારો મળ્યો હતો. મહતમ તાપમાન ૨૬ ડિગ્રીએ અને લઘુતમ તાપમાનની ૧૨.૩ ડિગ્રી નોંધાયું હતું.

જયારે જામનગરમાં આજે લઘુત્તમ તાપમાન ઘટીને ૧૪ ડિગ્રી નોંધાતા વાતાવરણ ઠંડુગાર રહ્યું હતું. મહત્તમ તાપમાનમાં ૨૭.૫ ડિગ્રીએ અને ભેજના પ્રમાણમાં ૨ ટકાનો વધારો નોંધાયો હતો. સુસવાટા મારતા પવનના કારણે સવારે અને રાત્રીના ઠંડીમાં વધારો થયો છે.

વડવા ઉત્તર ભારતમાં હિમવર્ષા બાદ સહિત તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. તાપમાનમાં થઈ રહેલી વધ-ઘટ વચ્ચે શહેરમાં ૪૮ કલાકમાં ૧.૫ ડિગ્રીના ઘટાડા સાથે લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રી અને મહતમ તાપમાન ૨૭.૫ ડિગ્રી નોંધાયું હતું.વાતાવરણમાં ભેજનું પ્રમાણમા ૨ ટકાનો વધારો થતાં ૫૮ ટકા પહોચ્યું હતું.જ્યારે સુસવાટા મારતા પાવનની ગતિ પ્રતિકલાક ૪.૬ કિમિ નોંધાઈ હતી.

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા તા.૪ ડિસેમ્બર સુધી જામનગરમાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન

૧૭ થી ૧૮ ડિગ્રી વચ્ચે રહેવાની આગાહી કરી છે. જયારે પવનની ગતિ ૯ થી ૧૩ કીમી પ્રતિકલાક અને ભેજનું પ્રમાણ ૬૫ ટકા રહેવાની શકયતા છે. આ સમયગાળામાં શિયાળુ પાક ચણા, લસણ, ઘઉં, જીરું, ધાણા, દુંગળી, મેથી વગેરેનું વાવેતર સમયસર પૂર્ણ કરવું.

શહેરમાં છેલ્લા બે દિવસથી પવનની ગતીમાં વધારો થયો છે અને દિવસભર સૂસવાટા મારતા ઠંડા પવનને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. આટલું જ નહીં પવનની ગતિ વધતા લઘુતમ તાપમાનમાં પણ ઘટાડો થયો છે. જેના કારણે ઠંડી વધી છે, ખાસ કરીને વહેલી સવારે અને રાત્રિના લોકો વિશેષ ઠંડીનો અનુભવ કરી રહ્યા છે.

કાયદાનો ભંગ કરશો તો વરઘોડો નીકળશે: હર્ષ સંઘવી

મુખ્ય સમાચાર,રાજકોટ

શહેરના પાડેસરા ઝૂંડીઉઈ વિસ્તારમાં ક્રાઈમ બ્રાન્ચ પાડેસરા યુનિટના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહેલા રાજ્ય ગૃહમંત્રી હર્ષ ભાઈ સંઘવી દ્વારા શહેરમાં આતંક મચાવતા અસામાજિક તત્વો અને ગુનેગારોને સીધી ભાષામાં સમજી જવા ચેતવણી આપી હતી. રાજ્ય ગૃહમંત્રીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે શહેરના નાગરિકોને ખોટી રીતે હેરાન પરેશાન કરવામાં આવશે અને કાયદાનું ઉલ્લંઘન કરશે તો વરઘોડો તો નીકળશે.લંગડાતા લંગડાતા ન ચાલવું પડે તે માટે કાયદાનું ચુસ્ત રીતે પાલન કરવું પડશે. આવા અસામાજિક તત્વો વિરુદ્ધ સુરત પોલીસ કડક હાથે કાર્યવાહી કરશે.

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને ગુનાખોરી અટકે તે માટે શહેર પોલીસ દ્વારા સતત પ્રયાસ કરવામાં આવે છે. કેટલીક વખત એવું પણ બને છે કે જે સ્થળ ઉપર ગુનો બન્યો હોય ત્યાં પોલીસને પહોંચવામાં થોડો વિલંબ થઈ જતો હોય છે અને ગુનાના આરોપીને ભાગી છૂટવામાં સફળતા મળી જતી હોય છે. શહેરમાં બનતી ગંભીર ઘટનાઓના ભેદ ઉકેલી કાઢવા સુરત ક્રાઈમ બ્રાન્ચના શિરે પણ મોટી જવાબદારી રહેલી છે. જેથી ક્રાઈમ બ્રાન્ચ બનતી આવી ઘટનાના સ્થળે તાત્કાલિક ધોરણે પહોંચી શકે તે માટે રાજ્ય ગૃહમંત્રીના આદેશના પગલે સુરત પોલીસ દ્વારા સુરત ક્રાઈમ બ્રાન્ચ પાડેસરા યુનિટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પાડેસરા ઝૂંડીઉઈ એસોસિએશનના સહયોગથી ઝૂંડીઉઈ વિસ્તારમાં ક્રાઈમ બ્રાન્ચ પાડેસરા યુનિટનું રાજ્ય ગૃહ મંત્રી હર્ષસંઘવીના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે. જે લોકાર્પણ પ્રસંગે સુરત મેયર

દક્ષેશમાં માવાણી, ધારાસભ્યો તેમજ શહેર પોલીસ કમિશનર ઉપરાંત પોલીસના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં રાજ્ય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, ઘણી વખત એવું થાય છે કે જે વ્યક્તિને રાખ્યો હોય તે વિશ્વાસઘાત કરે છે. જેથી તાત્કાલિક કારીગરોનું રજીસ્ટ્રેશન કરાવવું જોઈએ. ગુજરાત પોલીસની એપ પર આ વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી કલાકો સુધી પોલીસ સ્ટેશનમાં બેસવું ન પડે. હું છેલ્લા ઘણા સમયથી જોઈ રહ્યો છું કે, આ વિસ્તારમાં આરોપીઓને શોધી શોધીને વરઘોડા નીકળી રહ્યા છે. શહેરના ખૂણે ખૂણેથી ટપોરીઓને શોધી શોધી પોલીસ વરઘોડા કાઢી રહી છે. જો તમને લાગે કે કોઈ ખૂણામાં ટપોરી રહી ગયો હોય તો હું ખાતરી આપું છું કે આવા લોકોને તમે પોલીસના વરઘોડામાં જોશો. આવા લોકોને ચૂંટાયેલા પ્રતિનિધિએ ક્યારેય પ્રોત્સાહન આપવું કે બચાવવો ન જોઈએ.

રાજકોટની પાંચ ઓઈલ મિલ સહિત ૨૦ પેઢીને રૂ. ૪૬.૨૫ લાખનો દંડ

મુખ્ય સમાચાર, ઉના

ઊના શહેરમાં દેલવાડા રોડ ઉપર ભવાની એન્ટર પ્રાઈઝ નામની લોહાણા બંધુઓની તેલ મીલમાં કલેકટર દ્વારા કરવામાં આવેલી રેઈડ દરમ્યાન પર્દાફાશ થયો હતો કે શહેરમાં ભેળસેળ તેલનો જથ્થો સંતાડેલ હોય આ બાબતે મામલતદાર ઊના દ્વારા મોટાં પાયે તેલ જથ્થો સીઝ કર્યો હતો અને ભારે ચકચાર બનેલાં આ તેલ કાંડ આખરે ગીર સોમનાથ જિલ્લા કોર્ટમાં ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ ગુન્હો ૨૦ પેઢી સામે દાખલ કરવામાં આવ્યો હતો અને તેનો ચુકાદો આપતાં નિયામક અધિક કલેકટરએ જુદીજુદી પેઢીને અલંગ અલંગ કુલ ૪૬લાખ ૨૫ હજારનો દંડ ફટકાર્યો છે.

ગત ૧૦/૧૦/૨૦૨૪ના રોજ લક્ષ્મી નગર, ઉના ખાતે આવેલ ભવાની એન્ટરપ્રાઈઝ ખાદ્ય તેલનું મેન્યુફેકચર કરતી પેઢીની નાયબ કલેકટર તેમજ મામલતદાર, ઉના દ્વારા આકસ્મીક તપાસણી કરતા ઉકત પેઢી ખાતેથી થતી ગેરરીતીઓને ધ્યાને લઈ પેઢી ખાતેનો મુદ્દામાલ સીઝ કરવામાં આવેલ. તપાસ આધારે જિલ્લામાં આવેલ અલગ-અલગ કુલ-૯ જેટલી હોલસેલર/મેન્યુફેકચર પેઢીઓની તપાસણી તા. ૧૧/૧૦/૨૦૨૪ ના રોજ હાથધરવામાં આવેલ, જે તપાસણી દરમ્યાન મળી આવેલ શંકાસ્પદ ખાદ્ય તેલનો જથ્થો જિલ્લા પુરવઠા અધિકારી-ગીર સોમનાથ / મામલતદાર-ઉના દ્વારા સીઝ સ્થગીત કરવામાં આવેલ.

ઉકત સીઝ સ્થગીત કરવામાં આવેલ મુદ્દામાલની વિગતવાર તપાસ ડેઝીગ્નેટેડ ઓફિસર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગીર સોમનાથ મારફત કરાવતા ડેઝીગ્નેટેડ ઓફિસર નાં રીપોર્ટ/ અહેવાલ આધારે એડજયુડીકેટીંગ ઓફિસર

અને નિવાસી અધિક કલેકટર, ગીર સોમનાથની કોર્ટમાં ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ હેઠળ કેસ દાખલ કરવામાં આવેલ જેમાં આ કેસના સબંધિત પક્ષકારોને રૂબરૂ સાંભળવા અને ખુલાસો રજુ કરવા નોટીસ ઈસ્યુ કરી તક આપવામાં આવેલ.

જે કેસ નિવાસી અધિક કલેકટર ની કોર્ટમાં ચાલી જતા ૩૦/૧૧/૨૦૨૪ ના આ કેસના સામાવાળા ૨૦ પેઢી નાં માલીકો ને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ની કલમ-૫૮ હેઠળ કુલ ૪૬લાખ ૨૫હજાર દંડ ફટકારવામાં આવેલ છે. ખાદ્યતેલના મેન્યુફેકચરલ, હોલસેલર, રીટેલરને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડ એકટ-૨૦૦૬ અન્વયે કોને કેટલો દંડ ફટકાર્યો.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

રૂપિયાની ઉઘરાણી પ્રશ્ને ભગવતીપરાના યુવાન પર ત્રણ શખ્સોનો ખુની હુમલો

મુખ્ય સમાચાર,રાજકોટ

શહેરમાં ભગવતીપરામાં પુલ પાસે ત્રણ શખ્સે ઝઘડો કરી છરીના ઘા ઝીંકી હુમલો કરતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાતા બી-ડિવિઝન પોલીસે કાર્યવાહી કરી છે. પોલીસની તપાસમાં યુવક રાત્રીના તેના ઘર પાસે પાનની દુકાને ફાકી ખાવા ગયો હતો અને ત્યાંથી પરત ઘરે જતો હતો તે દરમિયાન ત્રણ શખ્સે આંતરી તારી પાસે કેટલા પૈસા છે તે આપ કહી હુમલો કર્યાનું બહાર આવતા પોલીસે કાર્યવાહી કરી છે.

ભગવતીપરામાં રહેતો હાર્દિક નટુભાઈ ચૌહાણ (ઉ.૨૪) રાત્રીના તેના ઘર નજીક પુલ પાસે હતો ત્યારે ત્રણ અજાણ્યા શખ્સે છરી વડે હુમલો કરતાં તેને ગંભીર હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા બી-ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી હતી.

બનાવને પગલે પીઆઈ રાણે સહિતે તપાસ કરતા હાર્દિક રાત્રીના તેના ઘર પાસે ફાકી ખાવા ગયો હતો તે દરમિયાન ત્રણ અજાણ્યા શખ્સોએ તેને આંતરી તારી પાસે પૈસા હોય તે આપી દે કહેતા તેને પૈસા ન હોવાનું કહેતા આ હુમલો કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા પોલીસે ગુનો નોંધવાની તેમજ સીસીટીવીના આધારે આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરી છે.

પુત્રનો જન્મ ન થતાં ત્રણ પુત્રીની માતાનો સળગી જઈ આપઘાત

મુખ્ય સમાચાર,રાજકોટ

શહેરમાં જંગલેશ્વર પાસે મહેશ્વરી સોસાયટીમાં રહેતી મહિલાએ પોતાના ઘેર કેરોસીન છાંટી સળગી આપઘાત કરી લેતા તેના પરિવારમાં શોક છવાયો છે. બનાવને પગલે ભક્તિનગર પોલીસે તપાસ કરતાં ત્રણ પુત્રીની માતાને સંતાનમાં પુત્ર ન હોય આ પગલું ભરી લીધાનું બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મહેશ્વરી સોસાયટીમાં રહેતા સલમાબેન રફીકભાઈ હેરંજા (ઉ.૩૭) એ પોતાના ઘેર કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી લેતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેનું સારવાર દરમિયાન મોત નીપજતા પીએસઆઈ ગોહિલ સહિતે તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં મૃતકને સંતાનમાં ત્રણ પુત્રી હોવાનું અને પતિ રિક્ષાચાલક છે. પોલીસની વધુ તપાસમાં મૃતક મહિલાને સંતાનમાં ત્રણ પુત્રી હોય પરંતુ પુત્ર ન હોય જેથી આ પગલું ભરી લીધાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

અન્ય બનાવમાં મુંજકા ગામે રહેતા કિશોરભાઈ ગોરધનભાઈ લીંબાસિયા (ઉ.૪૫) એ પોતાના ઘેર હતા ત્યારે બ્લેડ વડે પોતાની જાતે હાથમાં છરકા મારી દેતા તેને ૧૦૮ દ્વારા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવને પગલે યુનિવર્સિટી પોલીસ મથકના પીએસઆઈ રત્નુ સહિતે તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં મૃતક કિશોરભાઈ રિક્ષાચાલક હોવાનું અને તે અવારનવાર નશો કરી ઘેર આવતા હોય જેથી તેની પત્નીએ નશો કરવાની ના પાડતા બન્ને વચ્ચે સામાન્ય ઝઘડો થતા તેની પત્ની સંતાનો સાથે ચારેક દિવસથી માવતરે ચાલી ગઈ હતી. દરમિયાન કિશોરભાઈએ પગલું ભરી લીધાનું તપાસમાં બહાર આવ્યું છે.

હડમતીયા ગામે બાઈક સરખુ રાખવાનું કહેતા સાળા-બનેવી વચ્ચે મારામારી

મુખ્ય સમાચાર,રાજકોટ

ટંકારા પોલીસ મથકમાં હડમતીયા ગામે રહેતા સાળા-બનેવીએ સામસામી ફરિયાદ નોંધાવી છે, જેમાં ૮ વર્ષ પહેલા હડમતીયા ગામના યુવક યુવતી વચ્ચે પ્રેમ સંબંધ હોય જેથી બંનેએ પ્રેમલગ્ન કરી લીધા હતા, ત્યારથી યુવતીના ભાઈ અને પતિ વચ્ચે બોલચાલ ન હોય, હાલ બનેવી અને તેનો ભાઈ અને મિત્ર મોટર સાયકલ લઈને ગામમાંથી જતા હોય ત્યારે સાળા દ્વારા મોટર સાયકલ સરખું ચલાવ જ્યારે બનેવી દ્વારા સાઈડમાં ચાલવાનું કહેવા જેવી બાબતે બંને સાળો-બનેવી વચ્ચે બ઼ લાકડી વડે એક ઘા મારવાની ઘટના અંગે બંને સાળા-બનેવીએ એકબીજા સામે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. હાલ પોલીસે કુલ ચાર આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે.પારિવારિક ઝઘડાના તણાવ વચ્ચે બનેલ બનાવમાં સામસામી ફરિયાદની મળતી માહિતી અનુસાર ટંકારાના હડમતીયા ગામે રહેતા વિજયભાઈ બચુભાઈ સોલંકી ઉવ.૨૫ એ ટંકારા પોલીસ મથકમાં આરોપી તરીકે તેમના સગા બનેવી હરજીભાઈ ઉર્ફે વિનોદભાઈ હસમુખભાઈ વાઘેલા, જીજ્ઞેશ હસમુખભાઈ વાઘેલા તથા સુરેશભાઈ ગુલશનભાઈ ચાવડા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગઈ તા. ૨૩/૧૧ના રોજ કામના ફરીયાદી વિજયભાઈ શેરીમાં હોય તે વખતે આરોપીઓ છે આરોપી જીજ્ઞેશભાઈએ સાઈડમાં ઉભુ રહેવાનુ કહેતા વિજયભાઈએ કહ્યું હતું કે પહું સાઈડમાં જ છુંથ જેથી આરોપીઓ બોલાચાલી કરવા લાગતા વિજયભાઈએ બોલાચાલી કરવાની ના પાડતા વિજયભાઈના બનેવી વિનોદભાઈ વાઘેલાએ ગાળો આપી શેરીમાં પડેલ લાકડી વડે સુનિલભાઈને પગમાં એક ઘા માર્યો હતો અને અન્ય બંને આરોપીઓએ ઝપાઝપી કરી ગાળો આપી હતી અને આજ પછી અમારી સાથે ઝઘડો કરીશ તો જાનથી મારી નાંખવસની ધમકી આપી ત્રણેય આરોપીઓ ચાલ્યા ગયા હતા. જ્યારે સામાપક્ષે હરજીભાઈ ઉર્ફે વિનોદભાઈ હસમુખભાઈ વાઘેલાએ આરોપી તરીકે તેના સાળા વિજયભાઈ ધુભાઈ સોલંકી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ફરીયાદી પોતાના ભજતા હતા તે વખતે આરોપી વિજયભાઈએ તેમના બનેવી વિનોદભાઈને સરખુ મોટર સાયકલ ચલાવ તેમ કહી બોલાચાલી કરી ગાળો આપતા ફરીયાદી વિનોદભાઈએ ગાળો દેવાની ના પાડતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ ત્યાં લાકડી વડે વિનોદભાઈને પગમા એક ઘા મારી પઆજ પછી સામે આવતો નહિ નહિતર જાનથી મારી નાખીશથ તેમ ધમકી આપી હતી.હાલ ટંકારા પોલીસે બંને પક્ષની સામસામી ફરિયાદને આધારે બંને પક્ષના કુલ ચાર આરોપીઓ સામે બીએનએસ ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની ધોરણસરની કાયદેસરની તપાસ ચલાવી છે.

રાજકોટમાં છરીની અણીએ મહિલા પર કૌટુંબિક દિયરનું વારંવાર દુષ્કર્મ

તાલુકા પોલીસે દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટમાં મવડીગામ વિસ્તારમાં છરીની અણીએ મહિલા પર કૌટુંબિક દિયરે વારંવાર દુષ્કર્મ આચરતાં તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી. ભુજ રહેતો શખ્સ મવડી ગામમાં રહેતાં ભાઈની ઘરે મહેમાન ગતિ કરવાં આવ્યો અને ભાભી પર નજર બગાડી કૃત્ય કરતાં પોલીસે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.બનાવ અંગે મવડી ગામ વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષીય મહિલાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે શંકર પરમાર (રહે. ભુજ) નું નામ આપતાં તાલુકા પોલીસે દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તે તેના પતિ અને ચાર સંતાનો સાથે રહે છે. તેમના પતિ મજુરીકામ કરે છે. ગઈ તા. ૦૫-૦૯ ના ભુજ રહેતા તેમના કાકાજી સસરાનો પુત્ર શંકર પરમાર તેણીના ઘરે મહેમાનગતિ કરવાં માટે આવ્યો હતો. ત્યારે તેણી એકલી હતી ત્યારે આરોપીએ નજર બગાડી ધરારીથી છરી બતાવી તેણી સાથે બળજબરી કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેણીએ પ્રતિકાર કરતાં તે ભાગી ગયો હતો અને સાથે સાથે જો આ વાત કોઈને કહીશ તો તારા બાળકો અને પતિને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપતો ગયો હતો. જેથી તેણીએ કોઈને વાત કરી ન હતી.

થોડાં દિવસ બાદ આરોપીએ ફરિયાદીના પતિને ફોન કરી ભુજ તેમના ઘરે મહેમાનગતિ કરવાં માટે બોલાવ્યાં હતાં. જેથી તેણી તેના પતિ અને સસરા સાથે ગઈ તા.૩૧-૧૦ ના ભુજ આરોપીના ઘરે ગયાં હતાં. ત્યાં આરોપીએ મોડી રાતે તેમના પતિ અને સસરાને બેફામ મારમાર્યો હતો. તેણીએ પતિ અને સસરાને બચાવવા જતાં તેમને પણ મારમારતાં બેભાન થઈ ઢળી પડી હતી. તેણી ભાનમાં આવતાં આરોપીને પતિ અને સસરા અંગે પૂછતાં જણાવ્યું હતું કે, તેઓને તેમના મૂળ વતન મહુવા પંથકમાં મોકલી દિધા છે.

જે બાદ બીજા દિવસે આરોપીએ ફરીવાર છરી બતાવી મારકૂટ કરી દુષ્કર્મ આચર્યું હતું. જે બાદ તે ત્યાંથી ભાગીને પોતાના સાસરિયે પહોંચી ગઈ હતી.વધુમાં ફરિયાદીએ ઉમેર્યુ કે, તેમના પતિને અવારનવાર આરોપી ફોન કરી તારી પત્નીને ગમે ત્યાં છુપાવી દે પરંતુ હું તેને લઈ જઈશ તેવી ધમકી આપતો હતો. જે બાદ કંટાળીને ફરીયાદ નોંધાવી હતી. તેમજ આરોપીને પણ ત્રણ સંતાન હોવાનું સામે આવ્યું છે. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી પીએસઆઈ એલ.બી.ડીંડોર અને ટીમે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

આરોપીની ધમકીથી કંટાળી મહિલાના પતિનો આપઘાત

રાજકોટમાં દુષ્કર્મનો ભોગ બનેલી મહિલાએ વધુમાં જણાવ્યું હતું કે, આરોપીએ તેમની સાથે અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. જે બાદ તેણી પરીવાર સાથે મહુવા પંથકમાં આવેલ વતનમાં રહેવાં આવતાં રહેલ હતાં. છતાં આરોપી શંકરે તેમનો પીછો ન છોડી તેણીના પતિને ધમકી આપતો કે, તું તારી પત્નીને ગમે ત્યાં છુપાવી દે પરંતુ હું તેને ગમે ત્યાંથી ભગાડી જઈશ તેવી ફોનમાં અવારનવાર ધમકી આપતાં તેના પતિએ ધમકીથી કંટાળી પાંચ દિવસ પહેલાં ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. બનાવતથી ચાર સંતાનો નોધારા બનાવ હતાં.

દેવપરામાં નજીવી બાબતે યુવાનની હત્યા કરનાર આરોપીને પોલીસ ગણતરીની કલાકોમાં દબોચી લીધો

હોટેલ પાસે કોમ્પ્લેક્ષના પાર્કિંગના ગેઈટ પાસે ઉભા રહેવા બાબતે થયેલી બોલાચાલીનો ખાર રાખી છરીના ઘા ઝીંકી ઢીમ ઢાળી દીધું'તું

મુખ્ય સમાચાર,રાજકોટ

શહેરમાં કોઠારિયા રોડ પર દેવપરા નજીક ચાની હોટલે હાર્ડવેરના ધંધાર્થીની છરીના ઘા ઝીંકી હત્યા કરી આરોપી ફરાર થઈ ગયો હતો.કોમ્પલેક્ષના ગેઈટ નજીક ઉભા રહેવા પ્રશ્ને થયેલી બોલાચાલીને લીધે ફાયનાન્સની ઓફીસ ધરાવતા શખ્સે યુવાનને મોટાભાઈની નજર સામે જ છરીના ઘા ઝીંકી પતાવી દીધો હતો. આ બનાવમાં પોલીસે હત્યારાને ૨૪ કલાકમાં જ ઝડપી લીધો હતો.

કોઠારીયા રોડ નજીક આનંદનગર પાસે ગીતાંજલી સોસાયટીમાં રહેતો અને કોઠારીયા ચોકડી પાસે રામનગર નજીક અક્ષર હાર્ડવેર નામે પિતા અને ભાઈ સાથે કારખાનુ ચલાવતો હાર્મિશ હસુભાઈ ગજેરા (ઉ.વ. ૨૮) અને તેનો ભાઈ રાધિક ગજેરા (ઉ.વ.૩૦) પાંચેક દિવસ પહેલા દેવપરામાં આવેલી ખોડિયાર ચાની હોટલે ચા- પાણી પીવા ગયા હતાં. તે હોટલ ઉપર દોલતસિંહ ઉર્ફે દોલુની ફાયનાન્સની ઓફિસ હોઈ અને તેણે પાર્કિંગમાં ડેલો બનાવ્યો હોઈ અહીં રાધિક અને હાર્મિશ હોટલ અને દોલતસિંહની ફાયનાન્સની ઓફિસ ત્યાં વચ્ચેના રસ્તે ઉભો હતા ત્યારે રસ્તા પર ઉભવું નહિ કહી દોલતસિંહ ઉર્ફે દોલુએ માથાકૂટ કરી હતી.

દરમિયાન શનિવારે રાત્રે હાર્મિશ અને તેનો મોટોભાઈ રાધિક તે હોટલે ચા પાણી અને સીગારેટ પીવા ગયા હતાં ત્યારે દોલતસિંહ ઉર્ફે દોલુએ ફરી બોલાચાલી કરી હતી. બાદમાં તેને ઉભો રહે કહીને તેની ઓફિસે છરી લેવા ગયો હતો આ દરમ્યાન હાર્મિશ પણ ત્યાં આવતા ઓફિસમાંથી છરી લઈને ધસી આવેલા દોલતસિંહએ બંને ભાઈઓ સાથે ગાળાગાળી કરી ઝપાઝપી કરી હતી. આથી બંને ભાઈઓ જીવ બચાવવા ત્યાંથી દોડ્યા હતા પરંતુ થોડે દૂર પાછળ દોડી રહેલા દોલતસિંહના હાથમાં હાર્મિશ પકડાઈ જતાં તેને છરીના ત્રણેક ઘા ઝીંકી દેતા તે લોહી લુહાણ હાલતમાં ત્યાં જ ઢળી પડયો હતો. જેમાં તેનું મૃત્યુ થયું હતું.

દરમિયાન ભક્તિનગર પોલીસે હત્યા કરી નાશી છૂટેલા આરોપી દોલતસિંહ ઉર્ફે દોલુ ભાવસિંહ સોલંકીને બનાવના ૨૪ કલાકમાં જ ઝડપી પાડી તેની ધરપકડ કરી હતી.

માલીયાસણ નજીક ગૌરક્ષક અને બકરા ભરીને આવતા ઈકોચાલક પિતા-પુત્ર વચ્ચે મારામારી

- પોલીસે બંને પક્ષોની સામસામી ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી

મુખ્ય સમાચાર,રાજકોટ

શહેરની ભાગોળે કુવાડવા હાઈવે પર માલીયાસણ નજીક ગૌરક્ષકો અને બકરાં લઈને આવતી ટોળકી વચ્ચે મારામારી થઈ હતી.જેમાં ત્રણ લોકોને ઈજા થઈ હતી. આ અંગે પોલીસે બંને પક્ષોની સામસામી ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો મુજબ ગૌરક્ષકાને બાતમી મળી હતી કે ચેટીલાથી ૨૩ બકરાં ઈકો ગાડીમાં ભરાઈને રાજકેટ આવી રહ્યા છે.જેથી ગૌરક્ષકો થાન પહોંચ્યા હતા અને ત્યાંથી ઈકો કારેનો પીછો કરી રહ્યા હતા. કાર ચલાવી રહેલા મજીદ ઉર્ફે મજલો ઉર્ફે કરીમભાઈ માંડિલયા (રહે.રાજકોટ)ને તેની ગાડીનો પીછો થઈ રહ્યાનું જણાતા તેણે કાર ભગાવી હતી.જેથી કુવાડવા નજીક પહોંચતા કારનું ટાયર ફાટતા છતાં તેણે કાર ચલાવે રાખી હતી. બાદમાં માલિયાસણ ગામે આઈઓસી પ્લાન્ટ સામે જલાલશાપીરની દરગાહ પાસે ગાડી ઉભી રખાવતાં હરેશ ચૌહાણ, વિશાલ, વિપુલ ઉર્ફે ભેવું સહિતનાએ ગાડી પકડી પાડી હતી.

દરમિયાન ગૌરક્ષકો અને બકરાં લાવનાર પિતા-પુત્ર વચ્ચે છૂટાહાથની મારામારી થતાં વિપુલ ઉર્ફે ભોલું નામના ગૌરક્ષકને નાકમાં ઈજા પહોંચી હતી તે સામેપક્ષે મજીદને હાથ અને પેટના ભાગે છરી લાગી હતી.

આ અંગે કૂવાડવા રોડ પોલીસ મથકમાં મજીદ ઉર્ફે મજલો કરીમભાઈ માંડલિયાએ નંબર વગરની કારમાં આવેલા પાંચ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી.જ્યારે સામા પક્ષે ગૌરક્ષક વિપુલ ઉર્ફે ભોલુ ભરતભાઈ સાકરિયાએ ઈકો કારના ચાલક અને તેની સાથેના શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષોની સામસામી ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બોગસ મિનિટ્સ બુક અંગે કોર્ટમાં હાજર કરેલ સાગઠીયાને જલસા કરાવનાર બે અધિકારીઓ સામે કાર્યવાહી

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટ ટીઆરપી ગેમ ઝોનના મુખ્ય સૂત્રધાર મનસુખ સાગઠીયાને શુક્રવારે કોર્ટમાં બોગસ મિનિટ્સ બુક બનાવવાના કેસમાં હાજર કરાયા ત્યારે નિયમ મુજબ આરોપીને કોર્ટરૂમમાં રજુ કરવાના બદલે સાગઠીયાને તેના પરિવાર સાથે બેસીને કેસ શરૂ થયા પહેલા અને હિયરિંગ બાદ જલસા કરાવ્યાની ઘટના પ્રકાશમાં આવી છે. રાજકોટ મનપા ટાઉન પ્લાનર મનસુખ સાગઠિયાએ બોગસ મિનિટ્સ બુક રજુ કરી હતી જેમાં પોલીસે મનસુખ સાગઠીયા સામે અલગથી ગુનો નોંધ્યો હતો આ કેસના ચાર્જફ્રેમ કરવા માટેની શનિવારે મુદત હોય જેથી જેલમાંથી સાગઠીયાને ચીફ જયુડિશીયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં લાવવામાં આવ્યા હતા આ દરમ્યાન સાગઠીયાના પરિવારનો અગાઉ કોર્ટમાં આવી ગયા હોય આરોપીને કાયદાની જોગવાઈ અને નિયમો મુજબ સીધો કોર્ટરૂમમાં રજુ કરવાના બદલે પરિવારજનો સાથે કોર્ટરૂમની બહાર જ બેસાડી દીધેલ હતો બાદમાં કેસનું હિયરીંગ થઈ જતા અને નવી તારીખ પડી જતા સાગઠીયાને કોર્ટની પરવાનગીથી સીધો જેલમાં લઈ જવાના બદલે પોલીસ જામાએ નવી કોર્ટના પાર્કીગમાં બેસાડી સાગઠીયા અને તેના પરિવારજનોને મેદાન પુરૂ પાડયું હતુ

આ અંગે બાર એસો.ના ઉપપ્રમુખ સુરેશ ફળદુએ એક નિવેદન આપી જણાવ્યું હતું કે કોઈ પણ જયુડિશીયલ કસ્ટીના આરોપીને અદાલત સમક્ષ હાજર કરવામાં આવે ત્યારે માત્ર તેના કેસની પ્રક્રિયા પ્રોસીઝર અનુશવાની હોય છે અને કોઈ આરોપી તેના કેસ સંબંધી ડીસ્કસન કરવા માંગતા હોય અથવા તેના પરિવારજનોને મળવા માગતા હોય તો જે કેસ સંબંધે જે કોર્ટમાં આવેલા હોય તે જજને મળવા માટેનું કારણ અને સંપૂર્ણ વિગત અદાલત સમક્ષ રજુ કર્યા બાદ બાદ મંજુરી મળે તો આરોપી તેના પરિવારજનોને મળી શકે બાકી મળી શકતું નથી.

લાંચના ગુનામાં જેલવાસ ભોગવતા કાગદડીના તલાટી મંત્રીની જામીન અરજી કોર્ટે ફગાવી

રાજકોટની ભાગોળે આવેલા કાગદડી ખાતે રહેતા એક ખેડુતે ગામમાં જ પ્લોટ ખરીદ કર્યા હોય અને તે પ્લોટનું નોંધ પાડવા માટે ગામના તલાટી મંત્રીને કહ્યું હતું. પરંતુ તલાટીમંત્રીએ તેના બદલામાં લાંચની માંગણી કરી હતી. જે અંગે ખેડુતે એસીબીને જાણ કરતા તેને લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધો હતો. દોઢ માસથી તલાટી મંત્રી જેલમાં હોય જામીન પર મુક્ત થવા અરજી કરી હતી. પરંતુ અદાલતે તેમની જામીન અરજી ફગાવી દીધી છે. તાજેતરમાં આરોપી શાસ્ત્રી દિપક પંજવાણી (રહે.શ્રીનગર સોસાયટી, સહકારનગર મેઈન રોડ, રાજકોટ)એ પોતાની સામે નોંધાયેલ લાંચના કેસમાં રેગ્યુલર જામીન અરજી કરતા સેશન્સ કોર્ટે તેની અરજી ફગાવી દીધેલ છે. બનાવની ટુંક હકીકત એવી છે કે, ફરીયાદીએ પોતાના બનેવી અને પત્નીના નામે રહેલા પ્લોટો ખરીદ કરેલ ત્યારથી વેરો ભરવાનો બાકી હોય અને આ બંનેના નામે કાગદડી ગામે લીધેલ પ્લોટોની ગામ નમુના નંબર-૨ માં નોંધો પાડી આપવાના કામમાં આરોપી તલાટી મંત્રી એ લાંચ પેટે રૂ. ૨૫૦૦ ની માંગણી કરી હતી. આ બાબતની જાણ એ.સી.બી.ને કરવામાં આવેલી અને આરોપી રાજય સેવક હોય એટલે કે તલાટી કમ મંત્રી, કાગદડી ગ્રામ પંચાયત વર્ગ-૩ ના કર્મચારી તરીકે ફરજ બજાવતા હોય અને લાંચની માંગણી કરતા હોય છટકુ ગોઠવવામાં આવેલુ અને આરોપીને રંગે હાથ ઝડપી લેવામાં આવેલ હતા. આરોપીને જેલ હવાલે કરેલ. જેલમાંથી તલાટી મંત્રી શાસ્ત્રીએ જામીન ઉપર છૂટવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે અરજી કોર્ટમાં ચાલતા સરકારી વકીલ મહેશકુમાર જોશીએ એવી રજુઆત કરી કે, આરોપી સામે ગંભીર પ્રકારનો ગુનો છે. તેને લાંચની રકમ હાથો હાથ સ્વીકારીને ખીસ્સામાં મુકેલ છે. જે મહત્વની બાબત છે. ચલણી નોટ પર પાઉડરની હાજરી મળેલ છ પ્લોટની પાડી આપવા માગી હતી નોંધ લાંચ આરોપીના હાથ અને પેન્ટના ખીસ્સામાં અને મોબાઈલ ફોન પર ફીનોકથેલીની પાઉડરની હાજરી મળેલ છે. તર્કબધ્ધ દલીલો ધ્યાને લઈ અધિક સત્ર ન્યાયાધિશ વી.એ. રાણાએ આરોપીની જામીન અરજી રદ કરેલી છે. જે કેસમાં સરકાર પક્ષે એ.પી.પી. મહેશભાઈ જોષી રોકાયેલ હતા.

રાજકોટ મધ્યસ્થ જેલમાં ફરી એકવાર તમાકુ અને મોબાઈલ ફોન તથા સીમકાર્ડ ભરેલ દડો ફેંકાયો

રાજકોટ જિલ્લા જેલમાં અગાઉ દડામાં તમાકુ, મોબાઈલના સીમકાર્ડ સહિતની વસ્તુ ભરીને દીવાલ ટપાડી ફેંકવામાં આવતા હોવાના બનાવોમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે આરોપીઓને પકડી લીધા હતાતાજેતરમાં પણ તમાકુ અને ચુનો ભરેલા દડા ફેંકાયા બાદ ફરિ એકવાર તમાકુ, મોબાઈલ ફોન અને સીમકાર્ડ ભરેલો દડો જેલમાંથી મળી આવતા પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જેલના સ્થાનિક ઝડતી સ્કવોર્ડના અન્ય કર્મચારીઓ જેલની રૂટીંગ ઝડતી કરતા હતા તે દરમ્યાન નવી જેલ- ૧૧ના યાર્ડ નં ૨૨ની અગાસીની ઝડતી કરતા અગાસી પર આવેલ પાણીની ટાંકી પાસે એક પ્લાસ્ટીકની સેલોટેપ વીંટાળેલ દડો મળી આવેલ જેથી તેની દડાને ખોલી ચકાસણી કરતા તેમાંથી એક કાળા કલરનો સાદો કિ-પેડ મોબાઈલ, એક સીમકાર્ડ અને બુધાલાલ તમાકુની પડીકી ૧૨ નંગ મળી આવતા હોવાનું જણાવતા પ્ર.નગર પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા સીસીટીવી ફુટેજના આધારે તપાસનો ધમધમાડ શરૂ કર્યો છે.

બાપા સીતારામ નગરમાંથી રૂા. ૧.૩૦ લાખની ચોરી કરનાર તસ્કર ઝબ્બે

મુખ્ય સમાચાર,રાજકોટ

શહેરના નવા થોરાળા વિસ્તારમાં બાપા સિતારામનગરમાં મકાનમાં થયેલી રૂ.૧.૩૦ લાખની ચોરીના બનાવમાં પોલીસે તસ્કરને ઝડપી પાડી ચોરીમાં ગયેલી રોકડ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

બાપાસીતારામનગરમાં રહેતા સંગીતાબેન વિનુભાઈ ગોહેલ ઉ.૨૯એ થોરાળા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું ગત તા.૨૪ના જંગલેશ્વરમાં રહેતા તેમના ભાઈ વિજયભાઈના પત્ની કોમલબેનનું શ્રીમંત હોવાથી ઘરને તાળું મારી ત્યાં ગયા હતા. દરમિયાન મામાનો દીકરો નીલેશ ભાભીના કપડા લેવા ઘરે ગયો હતો ત્યારે ઓશરીમાં રાખેલો કબાટ ખૂલ્લો હતો અને ઘરના દરવાજાનો નકુચો પણ તૂટેલો જોવા મળ્યો હતો. જેથી તપાસ કરતા તસ્કરો મકાનમાંથી માતાજીના મઢ માટે રાખેલી રૂ. ૧.૩૦ લાખની રોકડ ચોરી ગયા હતા.

જે અંગે થોરાળા પોલીસે ગુનો નોંધી તસ્કરની શોધખોળ હાથ ધરી હતી.દરમિયાન ચોરી કરનાર આરોપી ૮૦ ફુટ રોડ ઉપર ઉભો હોવાની બાતમી મળતા પોલીસે દોડી જઈ તસ્કર કિરણ કાળુભાઈ સોલંકી(રે.હાલ નાળોદા સોસાયટી, હુડકો ચોકડી પાસે, મુળ જૂનાગઢ)ની ધરપકડ કરી પૂછપરછ કરતા તેણે સાત દિવસ પહેલા મકાનમાંથી આ રોકડની ચોરી કર્યાની કબૂલાત આપતા પોલીસે રૂ.૧.૩૦ લાખની રોકડ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા મુજબ ઝડપાયેલા આરોપી વિરૂધ્ધ અગાઉ જૂનાગઢ અને પોરબંદરમાં સાત ગુના નોંધાયેલા છે.

પોપટપરામાં શેરી નં.૧૦માં રહેતા હિતેષભાઈ ચંદ્રવદનભાઈ ડોડીયા (ઉ.વ.૫૩) નામના પ્રૌઢના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો લોખંડના કબાટની તિજોરીમાંથી રોકડા રૂ.૩૦૦૦ અને સોનાના દાગીના મળી કુલ રૂ. ૫૫૦૦૦ની ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પ્રનગર પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

યુવતિને લગ્નની લાલચ આપી વારંવાર દુષ્કર્મ આચરનાર શખ્સ જામીન મુક્ત

- આરોપીના વકીલ ધ્રુવીન છાયાની દલીલો બાદ કોર્ટે અરજી મંજુર કરી

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટના ટાઉનશિપ વિસ્તારમાં રહેતા એક શખ્સે યુવતિને લગ્નની લાલચ આપી અવાર નવાર દુષ્કર્મ આચર્યુ હતું બાદમાં બહારગામ જતો રહ્યો હતો અને ત્યાં અન્ય યુવતિ સાથે લગ્ન કરી લીધા હતા. જેથી ભોગ બનનાર યુવતિએ તેના વિરૂદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી.

જે મામલે પ્રનગર પોલીસે ધરપકડ કરીઆરોપીને જેલહવાલે કર્યો હતો. જે મામલામાં આરોપીએ જામીનમુક્ત થવા અરજી કરી હતી. જેઅરજી પર આરોપીના વકીલ ધ્રુવીન છાયાએ ધારદાર દલીલો રજૂ કરતા અદાલતે જામીન અરજી મંજુર કરી હતી.ભોગ બનનાર તથા આ કામના આરોપી ગૌતમ ઘનશ્યામભાઈ સોલંકી એક જ ટાઉનશીપમાં રહેતા હોય જેથી એકબીજા સંપર્કમાં આવેલ હોય અને બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાતા આરોપીએ ફરીયાદીને લગ્ન કરવાની લાલચ આપી અવારનવાર ફરીયાદીની ઈચ્છા વિરૂદ્ધ શરીર સંબંધ બાંધી અન્ય સ્ત્રી સાથે આરોપીએ લગ્ન કરી લીધેલ જેથી ફરીયાદીએ આ કામના આરોપી વિરૂદ્ધ આઈ.પી.સી.કલામ ૩૭૬(૨)(એન) મુજબ ગુન્હો નોંધાયેલ જે ગુનાનાં કોર્ટ આરોપી ગૌતમ ઘનશ્યામભાઈ સોલંકીને જામીન પર મુકત કરવામાં આવેલ. આરોપી રાજકોટ તેના ઘરે હોય તે સમયે ફરીયાદીને માલૂમ પડેલ કે આ કામના આરોપીએ અન્ય સ્ત્રી સાથે લગ્ન કરી લીધેલ છે. જેથી ફરીયાદીએ તા.૧૩/૧૧/૨૪ના રોજ આ આરોપી વિરૂદ્ધ પ્રધ્યુમનગર પોલીસ સ્ટેશન ખાતે આરોપી ગૌતમ ઘનશ્યામભાઈ સોલંકી વિરૂદ્ધ લગ્ન કરવાનું વચન આપી પ્રેમ સંબંધ બાંધી અવાન નવાર ફરીયાદી સાથે દુષ્કર્મ આચર્યા અંગેની ફરિયાદ દાખલ કરેલ જે ફરીયાદીના આરોપી ગૌતમ ઘનશ્યામભાઈ સોલંકી વકીલ ધ્રુવીન છાપાએ રજુઆત કરેલ છે કે ફરીયાદ દાખલ કરવામાં ૫-વર્ષ જેવો ડીલે થયેલ હોય વિગેરે જેવી બાબતો પર ઊંડાણ પૂર્વકની ધારદાર દલીલો કરવામાં આવેલ અને વડી અદાલતોના અગાઉ સંલગ્ન કેસોમાં આપેલ ચુકાદાઓને ધ્યાને લઈ એડી.સેસન્સ જજએ આરોપી ગૌતમ ઘનશ્યામભાઈ સોલંકીની જામીન અરજી મંજુર કરતો હુકમ ફરમાવેલ હતો. આરોપી/ વતી એડવોકેટ ધ્રુવીન એ છાયા સંદીપ એમ.ખેમાણી, નિમિતએ ગોસ્વામી કમલેશ એન. સાકરીયા તથા અનીરૂદ્ધભાઈ આ ધાણેજા રોકાયેલ હતાં.

એસ્ટ્રોન ચોક પાસે યુવાનને આંતરી ત્રણ શખ્સોમાં હિચકારો હુમલો

દોઢ મહિના પૂર્વે ઘર પાસે બેસવા મુદે થયેલ બોલ્ગઃ જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યાની એ-ડિવીઝન

જુનીજેલ સામે નવયુગપરામાં રહેતા યુવાનને તેની બાજુમાં રહેતા શખસોએ દોઢ મહિના પુર્વે ઘર પાસે અન્ય કોઈ મિત્રોને લઈ બેસવાની ના પાડવા મુદ્દે થયેલ બોલાચાલીનો ખાર રાખી એસ્ટ્રોન ચોક પાસેના નાળા પાસે આંતરી ત્રિપુટીએ છરીના હાથા તથા ઢીકાપાટુંનો માર મારી જ્ઞાતિ પ્રત્યે હળધૂત કર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જુનીજેલ પાસે આવેલ નવયુગપરામાં રહેતા વિનોદકુમાર જગદીશભાઈ ચાંડપાએ એ ડિવીઝન પોલીસમાં કુણાલ રાજુભાઈ ગોહેલ, લુલો સુરેશભાઈ ગોહેલ અને નિખીલ ચૌહાણનું નામ આપી ફરિયાદ નોંધાવી છે જેમાં તેઓ ગત.૨૯ના તેના મિત્ર મયુર સાથે યુનિ.રોડ પર રહેતા કૌટુંબીક કાકાના ઘરે બન્ને જઈ રહ્યા હતા ત્યારે ત્રિપુટીએ એસ્ટ્રોન ચોકના નાળા પાસે બન્નેને આંતરી તેઓના મિત્ર મયુરને પકડી સાઈડમાં લઈ ગયા હતા બાદમાં તેઓને છરીના હાથા વડે માથાના ભાગે હુમલો કર્યો અને ઢીકાપાટુંનો માર મારી જ્ઞાતિ પ્રત્યે હળધૂત કર્યો હતો બનાવ અંગેનું મુખ્ય કારણ એ છે કે દોઢ મહિના પુર્વે કૃણાલ તથા તેના મિત્રો તેઓના ઘર નજીક બીજા લતાના છોકરાઓને ભેગા કરી બેસતા હોય જેથી તેઓએ આ બાબતે સમજાવતા તેનો ખાર રાખી હુમલો કર્યો હોવાની ફરિયાદ નોધાવતા પોલીસે એટ્રોસીટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.